સુવિચાર
લોકો આપણને સાંખી લે તેના કરતાં લોકો આપણને પ્રેમપૂર્વક અપનાવી લે એવી જીવનશૈલી જ જીવનનું જમા પાસું છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૨/૦૬/૨૦૨૩, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

# અમરેલી એક્સપ્રેસ

જિલ્લાનાં આમઆદમીનું અખબાર
અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અષાઢ સુદ-૪ વર્ષ : ૧૫ અંક : ૧૬૧

તા. ૨૨-૦૬-૨૦૨૩ ને ગુરૂવાર, સમય : સવારે ૯ થી ૧૨ સુધી
Radhika Multispeciality Hospital
કિડનીનાં રોગો તથા ડાયાલિસીસ દરમ્યાન થતી તકલીફો અને તેના ઉપાયો અંગે માર્ગદર્શન આપશે.
શેલ્બી હોસ્પિટલ, અમદાવાદનાં પ્રખ્યાત કિડનીનાં રોગો તથા ટ્રાન્સપ્લાન્ટનાં નિષ્ણાંત
કિડની રોગ વિભાગ
ડો. જીગર શ્રીમાળી
MD.DM. નેફ્રોલોજીસ્ટ (ગોલ્ડ મેડાલીસ્ટ)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
રાધિકા મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ (ગોળ દવાખાનું)
(ગોળ હોસ્પિટલ) ચિતલ રોડ, અમરેલી. ફોન નં. ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪
નિદાન ફી રાહત દરે
કિડનીનાં રોગોનાં લક્ષણો
• પગે સોજા આવવા તથા મોઢે સોજા ચડવા
• પેશાબમાં વારંવાર ઈન્ફેકશન થવું, પેશાબ ઘટી જવો, પેશાબ અટકીને આવવો, લાલ પેશાબ આવવો.
• વારંવાર શ્વાસ ચડવો.
• ઉલ્ટી-ઉબકા થવા ભુખ ઓછી લાગવી.

## ભારતનાં ઋષિમૂનિઓએ આપેલી યોગ વિરાસત વિશ્વમાં પ્રધાનમંત્રીએ પ્રસ્થાપિત કરી : વેકરિયા

# અમરેલી ખાતે આંત્તરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી

પોલીસ તેમજ ગાંધીબાગ પરિસર અને ઠેબી ડેમ ખાતે પણ યોગ દિવસની ઉજવણી કરાઈ

પ્રધાનમંત્રીનો સંદેશ વિડીયો માધ્યમથી પ્રસારિત કરવામાં આવ્યો

યોગ કરવાથી થતાં ફાયદાનું પ્રેરક ઉદાહરણ પ્રધાનમંત્રી મોદી હોવાનું જણાવાયું

સાંસદ કાછડીયા, જિ.પં. પ્રમુખ રેખાબેન મોવલિયા, કલેકટર, ડીડીઓ, એસપીએ યોગાભ્યાસ કર્યો



અમરેલી, તા.૨૧

"એક પૃથ્વી એક સ્વાસ્થ્ય, વસુધૈવ કુટુમ્બકમ"ના સંકલ્પ સાથે સમગ્ર વિમાં નવમા આંત્તરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થઈ હતી. આ કડીના ભાગરૂપે જિલ્લા કક્ષાના યોગ દિવસનો કાર્યક્રમ પોલીસ પરેડ ગ્રાઉન્ડ, અમરેલી ખાતે સંપન્ન થયો હતો. વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, વરિષ્ઠ નાગરિકો, સરકારી અધિકારીઓ, કર્મચારીઓ, પોલીસ વિભાગના અધિકારીઓ, જવાનોએ યોગાભ્યાસ કર્યો હતો.

અનુસંધાન પાના ૬ ઉપર

## ફિલ્મમાં અનેક સંવાદો અને દ્રશ્યોથી હિન્દુ સમાજ આહત

# અમરેલી જિલ્લામાં ફિલ્મ આદિપુરૂષનાં સ્ક્રિનિંગ પર પ્રતિબંધ લગાવો : વિશ્વ હિન્દુ પરિષદ

## ફિલ્મનાં લેખક મનોજ મુંતાશિર સામે રોષનો માહોલ ઉભો થયો

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સરકાર પાસે ફિલ્મ આદિપુરૂષના સ્ક્રિનિંગ પર તાત્કાલિક ધોરણે પગલાં લઈ પ્રતિબંધની માંગ કરવામાં આવી છે. અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના જણાવ્યા મુજબ રામાયણ આધારિત આ ફિલ્મ શ્રીરામ અને હનુમાનજીની છબી અને વ્યક્તિત્વને ખરડાવે છે. જે સનાતન ધર્મ અને લોકોની ધાર્મિક ભાવનાઓને આહત પહોંચાડે છે.

અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના જણાવ્યા મુજબ આ ફિલ્મ શ્રીરામ અને રાવણના પાત્રોને કોઈ ફિકશનલ વિડીયો ગેમના પાત્ર તરીકે પ્રસ્તુત કરે છે તેમજ શ્રી

અનુસંધાન પાના ૬ ઉપર

## રખડતા શ્વાન, ખૂંટિયા બાદ હવે ભૂંડ બેકાબુ થયા

# બાબરામાં ભૂંડે ૪ વ્યકિતઓને બચકા ભરી લેતા તમામને સારવારમાં ખસેડાયા

## એકવીસમી સદીમાં પણ રખડુ પશુઓની સમસ્યા દૂર થતી નથી



અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લામાં થોડા સમયથી શ્વાનો ખૂબ જ ત્રાસ હોય, રોડે ચાલીને જતાં-આવતાં લોકોને ઓંચીતી રીતે જ બચકા ભરી લે છે. ત્યારે હવે તેમાં ઓછું હોય તેમ બાબરા પંથકમાં આજે ૪ જેટલા લોકોને ભૂંડે બચકા ભરી લેતા ૪ લોકોને અમરેલી તથા ૧ ને બાબરા દવાખાને સારવારમાં ખસેડવામાં આવ્યાનું જાણવા મળેલ છે. જાણવા મળતી વિગત મુજબ બાબરા ગામમાં આજે ભૂંડે આતંક મચાવ્યો હોય, તેમ રહેણાંક લોકોને ભૂંડે બચકા ભરી લેતાં ૪ જેટલા લોકોને તો સારવાર માટે દવાખાને ખસેડવામાં આવ્યાં છે. જેમાં એક જ ઘરનાં ત્રણ-ત્રણ વ્યકિતઓને આ ભૂંડે હડફેટે લઈ ઈજા કર્યાનું જાણવા મળેલ છે. બાબરા પંથકનાં લોકોને ભૂંડના ત્રાસમાંથી મુકિત અપાવવા અને ભૂંડને શહેર બહાર હાકી કાઢવા માટે પણ માંગ ઉભી થવા પામી છે.

પ્રવેશ કાર્ય શરૂ છે
આર્ટસ કોલેજનાં પ્રથમ વર્ષમાં પ્રવેશ કાર્ય શરૂ છે
કોન્ટેક્ટ નંબર : ૯૪૨૭૨ ૪૯૨૫૬
જોઈએ છે
(૧) કમ્પ્યુટર ઓપરેટર - ૦૨
(૨) કલાર્ક - ૦૨
શ્રી મુકેશ જાની આર્ટસ કોલેજ
જેશીંગપરા, રંગપુર રોડ, અમરેલી.

Sheetal

• પંજાબી - સાઉથ ઈન્ડીયન ફૂડ
• સેન્ડવીચ • સ્નેક્સ • આઈસ્ક્રીમ
• થીક શેઈક • જ્યુસ તેમજ ઘણુ બધું...
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. 02792-220867 - 95109 59954
સમય : સવારે 08:00 થી રાત્રે 11:00
આજે જ પધારો, આપની એક મુલાકાત કાયમી યાદગાર બની રહેશે...

## શહેરનાં દોલતરાય સ્કૂલથી લઈને ફુલારા ચોક સુધીની દુકાનોમાં ચેકીંગ કર્યુ

# અમરેલીમાં મીટની દુકાનો ઉપર કારોબારી ચેરમેન શેખવા ત્રાટકયા

**શહેરમાં કોઈપણ પ્રકારની મંજૂરી વગર અનેક દુકાનોમાં મીટનું વેચાણ થતું હોવાની ફરિયાદનાં આધારે તપાસ કરાઈ**

**પાલિકાની ટીમ સ્થળે પહોંચી તો ટપોટપ મીટની દુકાનો બંધ થઈ અને સન્નાટો છવાઈ ગયો**

**થોડા દિવસો પહેલા ચેકીંગ થયા બાદ આજે પુનઃ પ્રક્રિયા શરૂ થતાં મીટનું વેચાણ કરનારાઓમાં ફફડાટ ફેલાયો**

**એડીશનલ કલેક્ટર દ્વારા જરૂરી સહયોગ કરવામાં આવશે એટલે મીટની તમામ દુકાનોને સીલ કરાશે : શેખવા**






અમરેલી, તા. ૨૧

અમરેલી શહેરમાં અનેક સ્થળોએ વગર મંજૂરીએ મીટની દુકાનો ધમધમતી હોવાની વિગતો પાલિકાનાં કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવાને ધ્યાને આવતાં તેઓએ આજે પાલિકાની ટીમ સાથે દોલતરાય સ્કૂલ, ફુલારા ચોક જેવા વિવિધ વિસ્તારોમાં ચેકીંગ શરૂ કરતાં મીટનાં દુકાનધારકોમાં ફફડાટ ફેલાયો હતો અને લગભગ તમામ દુકાનો ટપોટપ બંધ થઈ હતી.

અમરેલી શહેરમાં થોડા દિવસો પહેલા પોલીસ અને પાલિકા ધ્વારા ચેકીંગ કરાયું હતું. જેમાં અનેક દુકાનધારકો વિરૂધ્ધ નિયમાનુસાર કાર્યવાહી શરૂ કર્યા બાદ પુનઃ પાલિકાએ ચેકીંગ શરૂ કર્યુ હતું.

આ અંગે કારોબારી ચેરમેને જણાવેલ છે કે, અધિક કલેકટર ધ્વારા જરૂરી સહયોગ કરવામાં આવે તો શહેરમાં નિયમ વિરૂધ્ધ ચાલતી તમામ મીટની દુકાનો બંધ કરાવી દેવાનું જણાવ્યું હતું.

---

### ખેડૂતો સહિત અનેક આગેવાનોએ કરી રજૂઆત

## વડિયા ખાતે યોજાયેલ સ્વાગત કાર્યક્રમમાં લો–વોલ્ટેજ સહિતનાં પ્રશ્નોનું નિરાકરણ મંગાયુ

**પીજીવીસીએલ અને સિંચાઈને લગત પ્રશ્નો વિકરાળ બન્યા**




વડિયા, તા. ૨૧

વર્તમાન સરકારના જનલક્ષી કાર્યક્રમ તાલુકા સ્વાગતમાં ગામડાંની જનતાને તંત્ર સાથેના વણઉકેલ્યા પ્રશ્નોના ઉકેલ માટે લોકોને સરકારના હકારાત્મક અભિગમથી આ કાર્યક્રમમાં લોકોના પ્રશ્નોનો ઉકેલ લાવે છે.

ત્યારે મહિનાના ત્રીજા બુધવારના રોજ મામલતદાર મહેતાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં વિવિધ પ્રશ્નો બાબતે લોકોએ કરેલી અરજી મુજબ જેતે વિભાગના તાલુકા લેવલના અધિકારીઓની હાજરીમાં તેનું નિરાકરણ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેમાં વડિયાના સુરગપરામાં લો વોલ્ટેજના પ્રશ્ને સ્થાનિક નાયબ ઈજનેર દ્વારા પ્રશ્નો લેખિત જવાબ ના આપતા ફરી વડિયા પીજીવીસીએલ કચેરી વિવાદમાં સપડાઈ હતી. તો વડિયાના સુરવો ડેમની સિંચાઈની કેનાલ બાબતે પૂર્વ ઉપસરપંચ છગન ઢોલરીયાએ પ્રશ્ન મૂકતાં આવનાર સમયમાં સિંચાઈની કેનાલ રીપેરીંગ કરવા નિરાકરણ લાવવા જણાવ્યુ હતુ. સિંચાઈની કેનાલ બાબતે આસપાસના ગામડાઓના ખેડૂતો પણ રજૂઆત કરવા મામલતદાર સમક્ષ પહોંચ્યા હતા. તો સ્થાનિક વડિયા ગ્રામપંચાયતના સદસ્ય જુનેદ ડોડીયા દ્વારા વડિયાના રાજાશાહી સમયના પ્રવેશદ્વારને રિનોવેશન કરાવવા બાબતે પ્રશ્ન મૂકાયો હતો. આ ઉપરાંત વડિયાના કૃષ્ણપરાની ભૂગર્ભ ગટરના પ્રશ્ન બાબતે ટુંકાગાળામાં ખાળિયા ગટર નાખવાની તલાટી મંત્રી દ્વારા લેખિત જવાબ આપી નિરાકરણ લવાયુ હતું. સમગ્ર કાર્યક્રમમાં પીજીવીસીએલ અને સિંચાઈના પ્રશ્ન બાબતે ઉગ્ર રજૂઆતો અરજદાર દ્વારા કરવામાં આવી હતી. જેમાં દોઢ લાખ જેવો ખર્ચ કરી સોલાર પેનલ નાખી પોતાની વિજળીનો લો વોલ્ટેજના કારણે ઉપયોગ ના કરી શકવા અને પીજીવીસીએલનું નિંભર તંત્ર બે વર્ષથી સાંભળતું ના હોવાની રજૂઆત અરજદાર વિક્રમસિંહ ચાવડા દ્વારા કરાઈ હતી. ત્યારે વડીયા પીજીવીસીએલના ખાડે ગયેલા તંત્રનો વધુ એક લોકપ્રશ્ન સામે આવતો જોવા મળ્યો હતો.

---

### બગસરા નજીક આવેલ

## પીઠડીયા ગામે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા ૧૦ પત્તાપ્રેમીઓ ઝડપાયા

**પોલીસે રૂા. ૨૨૫૫૦ કબ્જે લીધા**

અમરેલી, તા. ૨૧

બગસરા તાલુકાનાં પીઠડીયા ગામે રહેતા અને ખેતીકામ કરતાં હસમુખભાઈ પરશોતમભાઈ બોઘરા સહિત ૧૦ જેટલા ઈસમો પીઠડીયા ગામે જાહેરમાં પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમતા હોય. આ અંગે બગસરા પોલીસને બાતમી મળતા દરોડો પાડી તમામ ૧૦ ઈસમોને રોકડ રકમ રૂા. ૨૨૫૫૦ની મતા કબ્જે લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

---

## સાવરકુંડલા : કર્મયોગી કર્મચારી સંઘે રોષભેર આવેદનપત્ર પાઠવ્યું




સાવરકુંડલા, તા. ૨૧

કર્મયોગી કર્મચારી સંઘના પ્રમુખ ચેતનભાઈ ભટ્ટ, ઉપપ્રમુખ ભરતભાઈ વિકમા, સંગઠન મંત્રી નિર્મળભાઈ ખુમાણ, સહમંત્રી પ્રદીપસિંહ જાડેજા, ખજાનચી બીપીનભાઈ જોશી તેમજ અન્ય સભ્યો દ્વારા લઘુતમ વેતન ધારા ૧૯૪૮ ના પ્રવર્તમાન પરિપત્ર મુજબ ચુકવણું કરવા શ્રમ આયુકત કચેરી ગુજરાત દ્વારા પરિપત્ર શ્ર.આ.૬/ટે.૩/૧૯૯/૨૦૨૩ મુજબ અમલવારી થવા બાબતે અત્રે નગરપાલિકાના ચીફ ઓફિસરને અરજી કરેલ છે તેમજ આજરોજ સંઘના હોદેદારો તેમજ સભ્યો દ્વારા ધારાસભ્યને આવેદનપત્ર તેમજ પ્રાંત અધિકારીને પણ બહોળી સંખ્યામાં એકત્ર થઈ આવેદનપત્ર આપેલ છે. કર્મચારી સંઘના પ્રમુખ ચેતનભાઈ ભટ્ટને કુદરતી ન્યાયના સિદ્ધાંતો વિરૂદ્ધ અને ગેરકાયદેસર રીતે સતત ૨૧ વર્ષથી હાઉસ ટેકસ કલાર્ક તરીકે નિષ્ઠાથી ફરજ બજાવતા હોવા છતાં અન્યત્ર ફેરબદલી કરી ૪થા ગ્રેડની કામગીરી સોંપવામાં આવેલ છે. ઉપરોકત ઓર્ડરથી ફલિત થાય છે કે સંઘ દ્વારા લઘુતમ વેતનની માંગણી કરી રહ્યા છીએ તે ન્યાયી છે તેને કચડી નાખવા ગેરકાયદેસર હેતુથી અને સંઘ પ્રમુખની સત્ય વાતોને દબાવી દેવાના પ્રયાસરૂપે આ હુકમ કરેલ છે. પરિણામે તાકીદના ધોરણે આ હુકમ રદ કરી અમોની માંગણી સ્વીકારવા માંગ કરવામાં આવી.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

---

### કદાવરનેતાની યશકલગીમાં વધુ એક મોરપીછ ઉમેરાયું

## નવી દિલ્હી : કો.ઓપ. બેન્ક ઓફ ઈન્ડિયા (કોબી)નાં ડાયરેક્ટરપદે દિલીપ સંઘાણી બિનહરીફ

**મિત્રો, શુભેચ્છકો, શુભચિંતકો દ્વારા અભિનંદનની વર્ષા**



અમરેલી, તા. ૨૧

સહકારનાં સૂત્રને ચરિતાર્થ કરવા સાથે અનેક સહકારી સંસ્થાઓને ગતિશિલ–પ્રગતિશિલ બનાવવાનાં અવિરત પ્રયાસ અને પરિશ્રમ કરતા દિલીપ સંઘાણીની નિમણૂંક કો.–ઓપરેટીવ બેન્ક ઓફ ઈન્ડિયા (કોબી)નાં ડાયરેકટર પદે કરવામાં આવતા સહકારી, રાજદ્રારી, સામાજિક, મિત્રો અને શુભચિંતકો દ્વારા શુભેચ્છા સાથે અભિનંદન પાઠવવામાં આવી રહ્યાં છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, તેમના વડપણ તળેની ઈફકો અને ગુજકો માસોલએ ઐતિહાસિક નફાકારી પ્રગતિ કરી હોય, સંઘાણીની કાર્યશૈલીનો લાભ હવે ઉકત સંસ્થાને પણ મળી રહેશે. તેમ સંસ્થાની યાદીમાં જણાવાયેલ છે.

---

### ખાંભા નજીક આવેલ

## નવા માલકનેશ ગામે વૃધ્ધાએ શેઢો ખોદવાની ના પાડતા પાવડાનો હાથો માર્યો

અમરેલી, તા. ૨૧

ખાંભા તાલુકાનાં નવા માલકનેશ ગામે રહેતા ફુલબાઈબેન રવજીભાઈ સોલંકી નામનાં ૬૦ વર્ષિય વૃધ્ધા તા. ૨૦નાં રોજ બપોરે વાડી હોય. ત્યારે તેમના જેઠ દુદાભાઈ રામભાઈ સોલંકી તથા જેઠાણી બાજુબેન દુદાભાઈ સોલંકી વૃધ્ધાની વાડીનો શેઢો ખોદતા હોય. જેથી વૃધ્ધાએ ના પાડતા તેમના જેઠ–જેઠાણીએ વૃધ્ધાને ગાળો આપી ઢીકાપાટુનો માર મારી તથા પાવડાનાં હાથા વડે કપાળનાં ભાગે ઈજા કર્યાની ફરિયાદ ખાંભા પોલીસમાં નોંધાઈ છે.

---

### જાફરાબાદ નજીક આવેલ

## લોઠપુર ગામે ગાળો આપવાની ના પાડતા યુવકને પાઈપ મારી ઈજા

અમરેલી, તા. ૨૧

જાફરાબાદ તાલુકાનાં લોઠપુર ગામે રહેતા મનુભાઈ નાથાભાઈ મકવાણા નામનાં ૨૫ વર્ષિય ડ્રાયવર યુવકને તે જ ગામે રહેતા સંજયભાઈ સોંડાભાઈ મકવાણા નામનાં શખ્સ ગાળો આપતા હોય. જેથી યુવકે ગાળો આપવાની ના પાડતા આરોપી લોખંડનો પાઈપ લઈ આવી યુવકને આડેધડ માર મારી ડાબા હાથની કલાઈ ઉપર ફેકચર કરી દીધાની ફરિયાદ જાફરાબાદ ટાઉન પોલીસમાં નોંધાઈ છે.

---

# સતાધાર ખાતે અષાઢી બીજે પૂ. આપાગીગા પરિવાર અને ગધઈ સમાજ દ્વારા ધ્વજારોહણ






વિશ્વ પ્રસિદ્ધ આસ્થાનું કેન્દ્ર એવા પૂ.આપાગીગાની જગ્યા–સત્તાધારધામમાં છેલ્લા ૨૫૦ વર્ષથી અવિરતપણે ઉજવાતી અષાઢી બીજની જગ્યાના મહંત પૂ. વિજયબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુની નિશ્રા અને માર્ગદર્શન તળે પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી હતી. ભવ્યતા, આસ્થાનું ઘોડાપૂરા, હેકડેઠઠ મેદની છંતા સ્વયંભૂ શિસ્ત સાથે પરંપરાગત રીતે જગ્યાના મહંત પૂ. વિજયબાપુ તથા પૂ.આપાગીગાના પરિવારના મોટાભાઈ સંવટ દ્વારા પુજા–અર્ચના કરીને ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. અષાઢી બીજમાં ગધઈ સમાજ દ્વારા જ ધ્વજારોહણ કરવામાં આવતું હોવાથી ગધઈ સમાજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યોં હતો. આ ધ્વજારોહણના પ્રસંગે જયકારા સાથે હજારોની સંખ્યામાં લોકો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા અને પ્રસાદ લીધો હતો. રાતે ગુજરાતના ખ્યાતનામ ભજનીક સમરથસિંહ સોઢા અને દલસુખભાઈ પ્રજાપતિ દ્વારા સંતવાણી પીરસવામાં આવી હતી. જેમાં સાધુ, સંતો સહિત જનમેદની ઉપસ્થિત રહી હતી.

## પીજીવીસીએલનાં કર્મચારીઓની ઈચ્છા પ્રમાણે વીજળી આવન–જાવન કરતી હોવાનો આક્ષેપ

# હે રામ : બાબરા પંથકમાં વીજ ધાંધિયાથી જનતા તોબા... તોબા

**લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકો સર્વોપરી રહેવાને બદલે લોકોનાં સેવક ગણાતા સરકારી કર્મચારીઓ સર્વોપરી બની ગયા**

**નબળી નેતાગીરીનાં કારણે આળશુ અને બેદરકાર કર્મચારીઓને કોઈનો ડર રહ્યો નથી**

**નાના કાર્યકરો કે આગેવાનો કોઈ અકળ કારણોસર કર્મચારીઓને રજૂઆત કરતા નથી**

**જનતાને અનિયમિત વીજળી મળે તે માટે કોઈની જવાબદારી નક્કી કરીને તેને ફરજ મોકુફ કરવા જરૂરી બન્યું છે**

બાબરા, તા. ૨૧

બાબરા શહેર સહિત સમગ્ર પંથકમાં વીજ પુરવઠાને લઈ બાબરાનું પીજીવીસીએલ તંત્ર ખાડે ગયું છે. નજીવા ફોલ્ટમાં પણ કલાકો સુધી વીજ પુરવઠો બંધ રાખી લોકો માટે મુશ્કેલીઓ ઉભી કરી રહ્યાં છે. છેલ્લા બે–ત્રણ માસથી બાબરાનું પીજીવીસીએલ તંત્ર સંપૂર્ણ રીતે ખાડે ગયું હોય તેમ રામ રાજય અને પ્રજા સુખી તે રીતે કામ કરી રહ્યાં છે. કારણ કે સ્થાનિક ગામના અગ્રણીઓ કે સરપંચ દ્વારા વીજ પુરવઠો અનિયમિત બાબતે રજુઆત કરવામાં આવતી નથી તેમજ સ્થાનિક ધારાસભ્ય દ્વારા પણ વીજ અધિકારીઓની કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવતું નથી જેના કારણે અધિકારીઓ પેધી ગયા છે અને સરખું મરામત કામ નહિ કરતા છાસવારે વીજ પુરવઠો ખોરવાય જાય છે અને લોકોને ગરમીનો આકરો તાપ, બફારો સહન કરવાનો વારો આવી રહ્યો છે.

હાલ ચોમાસાની સિઝન નજીકમાં હોવાથી વાતાવરણમાં ભેજનું પ્રમાણ રહેતા બફારો અને ઉકળાટ વધ્યો છે. તેવા સમયે વીજ પુરવઠો કલાકો સુધી ખોરવાય જતાં સામન્ય લોકોને ભારે હાલાકીનો સામનો કરવાની ફરજ પડે છે તેમજ સૌથી વધુ અસર નાના બાળકો અને વૃદ્ધ લોકોને થતી હોય છે તેમજ બીમાર લોકોને અતિ ભારે હાડમારીનો સામનો કરવાની ફરજ પડે છે. તેમજ બાબરા શહેરમાં વિવિધ સરકારી કચેરીમાં પણ વીજ પુરવઠાનો અન્ય સોર્સ નહિ હોવાથી લોકોનું કામ કલાકો સુધી ઠપ્પ થઈ જાય છે તેમજ સરકારી દવાખાના પ્રસુતિ વિભાગ અને અને ડાયાલિસિસ સેન્ટરમાં ખુબ જ મુશ્કેલીઓ પડી રહી છે.

ત્યારે બાબરાના જવાબદાર પીજીવીસીએલના અધિકારીઓની આંખ ખુલે તે દિશામાં સ્થાનિક ધારાસભ્ય સહિતના અગ્રણીઓ કામ કરે તેવી લોકોમાંથી માંગ ઉઠવા પામી છે.

# અમરેલીનાં શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં અષાઢી બીજ અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી

અમરેલી, તા. ૨૧

શ્રીજી વિદ્યાર્થી ભુવન–અમરેલીમાં તા. ૨૦/૬/૨૩નાં રોજ અષાઢી બીજ અને શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ.



અષાઢી બીજ એટલે ખુબ જ શુભ દિવસ આ દિવસે કોઈપણ કાર્ય મુહુર્ત જોયા વિના કરી શકાય. આજના દિવસે ભગવાન શ્રી કૃષ્ણ અને સુભદ્રાજીનું પૂજન અને અર્ચન સાથે અષાઢી બીજનું ધાર્મિક મહત્વ સમજાવવામાં આવેલ તથા વિદ્યાર્થીઓને આજના દિવસે લાઠી રોડ પર આવેલ શ્રી રામેશ્વર મહાદેવ મંદિરે દર્શનાર્થે લઈ જવાયા તેમજ આજના શુભ અને પવિત્ર દિવસે બધા જ વિદ્યાર્થીઓને કુમકુમ તિલક અને મોં મીઠા કરાવીને નવા શૈક્ષણિક સત્રમાં શુકનવંતો પ્રવેશ કરાવી શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ કરવામાં આવેલ. શાળાનાં સંચાલક દંપતિ દીપકભાઈ વઘાસિયા અને વિલાસબેન વઘાસિયાની પ્રેરણાથી શાળાનાં આચાર્ય અને સ્ટાફ તેમજ છાત્રાલયનાં કર્મચારી ભાઈ–બહેનોએ સફળતાપૂર્વક આયોજન કર્યુ. અમરેલી જિલ્લાની નિવાસી શાળામાં સદા અગ્રેસર શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં આવી શિક્ષણેતર પ્રવૃતિઓથી ગુંજતું રહે છે. શાળા પરિસર રમણીયતાને કારણે વિશાળ સંખ્યાના વાલીગણોનું આકર્ષણ કેન્દ્ર બન્યું છે.

# કુંકાવાવ : વ્રજ વિદ્યાલય ખાતે યોગદિનની ઉજવણી



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

કુંકાવાવ, તા. ૨૧

કુંકાવાવ મોટીમાં આવેલ વ્રજવિદ્યાલય ખાતે યોગદિનની ઉજવણી શાળાનાનાં પ્રમુખ વસંતભાઈ મોવલિયાનાં માર્ગદર્શન અને સૂચન મુજબ શાળાનાં આચાર્ય વિવેકભાઈ દિક્ષિત તથા શાળા પરિવારનાં દરેક સ્ટાફ, શિક્ષકમિત્રો અને વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાયા હતા અને આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ યોગ વિશે સ્પીચ પણ તૈયાર કરી હતી. ઉપરાંત વિદ્યાર્થીઓને ''યોગ કરે રોગ દૂર'' આ કહેવત મુજબ શાળા પરિવાર દ્વારા યોગનું મહત્વપણ સમજાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરવા દરેક શિક્ષકમિત્રો જોડાયા હતા.

### મામલતદાર મહેતાનાં અધ્યક્ષ સ્થાને

# વડિયા ખાતે તાલુકા કક્ષાનાં યોગ દિવસની ઉજવણી

**સ્થાનિક લોકો અને વિદ્યાર્થીઓએ વહેલી સવારે યોગ કર્યા**

વડિયા, તા. ૨૧

સમગ્ર વિશ્વ ૨૧મી જુનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવે છે. ત્યારે વિશ્વ સાથે યોગવિદ્યાનાં પ્રણેતા એવા ભારતમાં આ દિવસને સમગ્ર દેશમાં યોગા કરી ઉજવવામાં આવે છે. ત્યારે અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયામાં તાલુકા કક્ષાનો યોગ દિવસ શ્રી સુરગવાળા હાઈસ્કૂલ ખાતે વહેલી સવારે મામલતદાર મહેતાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો.

જેમાં સૌ પ્રથમ રાજય કક્ષાના કાર્યક્રમનું લાઈવ પ્રસારણ નિહાળી માસ્ટર ટ્રેનરના માર્ગદર્શન નીચે મામલતદાર સહિત સમગ્ર તાલુકાના અધિકારીઓ, કર્મચારીઓ, સ્થાનિક નાગરિકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી યોગા કરીને યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.



### નામાંકિત તબીબો દ્વારા ચેકઅપ, દવા અપાશે

# અમરેલી અંધશાળા છાત્રાલયમાં હવેથી માનસિક ક્ષતિગ્રસ્ત દીકરીઓને પ્રવેશ

**નિઃશુલ્ક આવાસ, ભોજન, ગણવેશ, ચપ્પલ પણ અપાશે**

અમરેલી, તા. ૨૧

અમરેલીમાં પ્રથમ વખત જ આ વર્ષથી અંધશાળા દ્વારા સંચાલિત છાત્રાલયમાં માનસિક ક્ષતિગ્રસ્ત બહેનોને નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે અને તેમને જરૂરી સુવિધાઓ પણ આપવામાં આવશે.


આ નિવાસી શાળામાં છાત્રાલયમાં આવનાર દીકરીઓને બે ટાઈમ ચા–પાણી, નાસ્તો, બે ટાઈમ ભોજન, ગણવેશ, બુટ–ચંપલ વગેરે સગવડતા વિનામૂલ્ય આપવામાં આવશે. તા. ૨૫/૦૬/૨૦૨૩ના રોજ છાત્રાલય ખોલવામાં આવેલ છે. તેમજ નામાંકિત ડોકટર દ્વારા દર મહીને ચેકઅપ કરવામાં આવશે. તેમજ દાતા પરિવારના સહયોગથી પ્રવાસ અને યાત્રામાં લઈ જવામાં આવશે. આ ટ્રસ્ટ દ્વારા તા. ૦૧/૦૩/૨૦૨૩ છેલ્લા સવા વર્ષથી માનસિક ક્ષતિ ધરાવતા બાળકોની ટ્રેનીંગ શાળા શરૂ કરેલ છે. તેને લઈ જવા લાવવા માટે વાહનની વ્યવસ્થા રાખેલ છે. તેમજ તેમને એક ટાઈમ નાસ્તો આપવામાં આવે છે. આ બધુ જ વિનામૂલ્યે દાતાના સહયોગથી ચાલે છે. આ શાળા પણ રાબેતા મુજબ શરૂ રહેશે. તેમ એક યાદીમાં જણાવાયું છે.


અમરેલી કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત

**નૂતન કોમર્સ કોલેજ–અમરેલી**

DMLT, B.Com, M.Com માં પ્રવેશ કાર્ય ચાલુ છે

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમો...



DMLT

B.Com

M.Com

પ્રવેશ માટે રૂબરૂ સંપર્ક કરવો

DMLT, B.Com, M.Com

જીલ્લા પંચાયત રોડ, એસ.ટી. ડેપો પાસે, રેમન્ડના શો-રૂમ સામે, અમરેલી.

ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૦૧ ■ મો.નં. ૯૪૨૬૨ ૧૪૪૮૯



**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

**શ્રીનાથજી કોમ્પ્યુટર્સ** ૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત

(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

**શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ**

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯/૨૩૧૯૫૫

**પ્રવેશની ઉત્તમ તક...**

ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...

શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે

F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I

- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા, પ્રિન્સિપાલ, મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી

શ્રીમતિ વનીતા બી. સીતાપરા, મેનેજીંગ ટ્રસ્ટી, મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮

www.mdscollege.org














### દિલ્હી પોલીસને એક શખ્સે બે ફોન કોલ કર્યા

# નરેન્દ્ર મોદી-અમિત શાહની હત્યાની ધમકીથી પોલીસ દોડતી થઈ ગઈ

### જે શખ્સે ફોન કર્યો હતો એ દારુનો વ્યસની હોવાનું લાગી રહ્યું છે, ટૂંકમાં જ તેને ઝડપી પાડવામાં આવશે : પોલીસ તેના પરિવાર સુધી પહોંચી ચૂકી છે

નવી દિલ્હી, તા.૨૧

પોલીસના જણાવ્યા મુજબ, એક વ્યક્તિએ પીએમ મોદી અને ગૃહ મંત્રી અમિત શાહને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

અધિકારીઓએ જણાવ્યું કે, દિલ્હી પોલીસને એક શખસે બે ફોન કોલ કર્યા હતા. જેણે પીએમ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. એટલું જ નહીં બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારને પણ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે આ ફોન કરનારો શખસ કોણ છે અને શા માટે તેણે આવી ધમકી આપી હતી, એ જાણવા માટે પોલીસ દોડતી થઈ છે.

આરોપીને ઝડપી પાડવા માટે પોલીસે એક ટીમની રચના પણ કરી છે. દિલ્હી પોલીસના જણાવ્યા મુજબ, જે શખસે ફોન કર્યો હતો એ દારુનો વ્યસની હોવાનું લાગી રહ્યું છે. ટૂંક સમયમાં જ તેને ઝડપી પાડવામાં આવશે. પોલીસ તેના પરિવાર સુધી પહોંચી ચૂકી છે. તે દારુડિયો છે અને ગઈ રાતથી જ તે સતત દારુ પી રહ્યો છે. જો કે, હાલ તો તે ઘરે નથી, પણ ટૂંક સમયમાં તેને ઝડપી પાડવામાં આવશે.

પ્રાપ્ત જાણકારી મુજબ, બુધવારની સવારે ૧૦.૪૬ વાગે પીસીઆર પર કોલ આવ્યો હતો. ફોન કરનારા શખસે પોલીસને જણાવ્યું કે, જો તેને ૧૦ કરોડ રુપિયા ન મળ્યા તો તે બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારને જાનથી મારી નાખશે. આ ફોન કરનારા શખસનું લોકેશન નાંગલોઈ વિસ્તારમાં મળ્યું હતું.

એ પછી ૧૦.૫૪ વાગે ફરીથી ફોન આવ્યો હતો. આ શખસે પોલીસને ફોન પર કહ્યું કે, જો તેને બે કરોડ રુપિયા ન મળ્યા તો તે પીએમ મોદી અને અમિત શાહને જાનથી મારી નાખશે.

આ બંને ફોન એક જ મોબાઈલ નંબરથી કરવામાં આવ્યા હતા. જેનું લોકેશન પશ્ચિમ વિહારનું છે. ધમકીભર્યો આ ફોન આવ્યા બાદ પોલીસની ટીમ તરત જ લોકેશન પર પહોંચી હતી. પોલીસના જણાવ્યા મુજબ, ટૂંક સમયમાં જ કોલ કરનારાનું ઠેકાણું મળી ગયું હતું. ફોન કરનારા શખસનું નામ સુધીર શર્મા છે અને તે માદીપુર સી-૨૮ ઉમાં રહે છે. જો કે, તે તેના ઘરે હાજર નહોતો, પરંતુ ૧૦ વર્ષનો તેનો પુત્ર અંકિત ઘરે હાજર હતો.

આગળ તપાસ કરતા જાણવા મળ્યું કે, સુધીર દારુડિયો છે અને તે હંમેશા દારુ ઢીંચતો રહેતો હોય છે. તેના દીકરાએ જણાવ્યું કે, આજે સવારથી જ તેના પિતા દારુ પી રહ્યા હતા.

મહત્વનું છે કે, હાલ પીએમ મોદી અમેરિકાની મુલાકાતે છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને ઝેડ કેટેગરીની સુરક્ષા ઉપલબ્ધ છે. જ્યારે બિહારના સીએમ નીતીશ કુમારની સુરક્ષાની જવાબદારી એસએસજી પાસે છે. પ્રોટોકોલ મુજબ, તેમને ઝેડ પ્લસ સુરક્ષા મળી છે.

### વોટ્સએપ પર આવતા અજાણ્યા કોલ્સથી લોકો પરેશાન

# વોટ્સએપ યુઝર્સ હવે અજાણ્યા લોકોને મ્યુટ કરી શકશે

### વ્હોટ્સએપે જણાવ્યું કે અજાણ્યાના કોલ મ્યૂટ કરીને અને પ્રાઈવસી ચેકઅપ નામથી બે અપડેટ યુઝર્સ માટે લઈને આવ્યું છે

નવી દિલ્હી, તા.૨૧

વોટ્સએપપર અજાણ્યા નંબરો પરથી આવતા સ્પેમ કોલ્સે ગત દિવસોમાં લોકોને ખૂબ પરેશાન કર્યા. સોશિયલ મીડિયા પર મામલો ગરમાયો. લોકોએ ફરિયાદ કરી. તે બાદ સરકાર પણ એક્ટિવ થઈ અને વ્હોટ્સએપને જરૂરી એક્શન લેવા માટે કહેવામાં આવ્યુ. હવે લાગે છે કે મેસેજિંગ પ્લેટફોર્મે અજાણ્યા કોલ્સથી યુઝર્સને બચાવવાનો તોડ કાઢી લીધો છે. મંગળવારે વ્હોટ્સએપે જણાવ્યુ કે તે ૨ નવા અપડેટ લઈને આવી રહ્યુ છે. યુઝર્સ હવે અજાણ્યા લોકોના કોલ મ્યૂટ કરી શકે છે. વ્હોટ્સએપ સેટિંગમાં જઈને આ ફીચરને ઓન કરી શકાય છે. એક બ્લોગ પોસ્ટમાં વ્હોટ્સએપે જણાવ્યુ કે અજાણ્યા લોકોના કોલ મ્યૂટ કરીને અને પ્રાઈવસી ચેકઅપ નામથી બે અપડેટ યુઝર્સ માટે લઈને આવ્યુ છે. વ્હોટ્સએપે જણાવ્યુ કે અજાણ્યા લોકોના કોલ મ્યૂટ કરવા સાથે જોડાયેલુ ફીચર લોકોને વધુ પ્રાઈવસી અને ઈનકમિંગ કોલ્સ પર કંટ્રોલ આપશે. વ્હોટ્સએપનો દાવો છે કે આ ફીચર સ્પેમ, સ્કેમ અને અજાણ્યા લોકોના કોલ્સને આપમેળે બ્લોક કરી દે છે. આ કોલ્સ આવવાથી મોબાઈલની ઘંટડી વાગશે નહીં પરંતુ આ કોલ યુઝર્સની કોલ લિસ્ટમાં જોવા મળશે કેમ કે શક્યતા છે કે આમાંથી કોઈ કોલ તમારા માટે જરૂરી હોય.

ગેજેટ ૩૬૦ હિન્દીની ટીમે આ ફીચરને ચેક કર્યુ. અમને આ ફીચર વર્તમાન સ્ટેબલ વર્ઝનોમાં જોવા મળ્યુ. જો તમે આ ફીચરને ઈનેબલ કરો છો તો તમે અજાણ્યા નંબરોથી આવતા કોલ્સથી પરેશાન નહીં થાવ જોકે એપ અને નોટિફિકેશન એરિયામાં કોલ જોવા મળશે. આનો અર્થ એ છે કે જો કોઈ અજાણ્યા કોલ જરૂર હોય તો યુઝર્સ તેને પિક કરી શકે.

આ રીતે અજાણ્યા કોલ્સને મ્યૂટ કરી શકાશે

જો તમે એક એન્ડ્રોયડ સ્માર્ટફોન યુઝર છો અને પોતાના ફોનમાં આ ફીચરને ઈનેબલ કરવા ઈચ્છો છો, તો આ સ્ટેપ ફોલો કરો.

વ્હોટ્સએપમાં સૌથી ઉપર જોવા મળી રહેલા ૩ ડોટ્સ પર ક્લિક કરો. એક નાની વિન્ડો ખુલશે, જ્યાં સૌથી નીચે સેટિંગનું ઓપ્શન હશે, તેની પર ક્લિક કરો.

સેટિંગમાં ક્લિક કર્યા બાદ તમારે પ્રાઈવસી ફીચર પર ક્લિક કરવાનું છે. સ્કોલ કરો અને નીચેની તરફ કોલ્સ ઓપ્શન પર ક્લિક કરો. અહીં તમને સાઈલન્સ અનનોન કોલર્સનું ઓપ્શન મળશે, આને ઈનેબલ કરી દો.

આ સિવાય વ્હોટ્સએપે કહ્યુ છે કે તેઓ તમામ લોકો સુધી સુરક્ષા ઉપાયોની જાણકારી પહોંચાડવાના હેતુથી પ્રાઈવસી ચેકઅપ નામનું વધુ એક ફીચર લોન્ચ કરી રહ્યુ છે. હવે લોકો એકબીજાને વોટ્સએપપર ઉપલબ્ધ સુરક્ષા ઉપાયો વિશે જણાવી શકે છે.

### રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં નાલેશીભર્યા દેખાવ બાદ

# રાજ્ય કોંગ્રેસમાં અધ્યક્ષ બાદ હવે પ્રભારી બદલાવાની શક્યતા

### ગુજરાતના પ્રભારી તરીકે બી.કે હરિપ્રસાદ, મોહન પ્રકાશ અને નીતિન રાઉતનું નામ હાલ જોરદાર ચર્ચામાં

અમદાવાદ, તા.૨૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં નાલોશીભર્યા પરાજય બાદ પ્રદેશ પ્રમુખ બદલવામાં આવ્યા અને જગદીશ ઠાકોરની જગ્યાએ શક્તિસિંહ ગોહિલને જવાબદારી સોંપવામાં આવી છે. પ્રમુખ બાદ હવે કોંગ્રેસના પ્રભારી પણ બદલાય તેવી શક્યતાઓ છે. પ્રભારી તરીકે બી.કે હરિપ્રસાદ, મોહન પ્રકાશ અને નીતિન રાઉતનું નામ હાલ ચર્ચામાં છે. બી.કે હરિપ્રસાદ અગાઉ પણ ગુજરાતની જવાબદારી સંભાળી ચૂક્યા છે. કોંગ્રેસ હાઈકમાન્ડ નવા પ્રભારીની પણ ટુંક સમયમાં સત્તાવાર જાહેરાત કરી શકે છે.

શક્તિસિંહે પદ સંભાળતાં જ કોંગ્રેસના ૩૫ વર્ષ જુના નેતા ગોવાભાઈ રબારી ૨૦૦ કાર્યકરો સાથે ભાજપમાં જોડાઈ ગયાં. બીજી બાજુ પહેલાં સૌરાષ્ટ્રના બે દિગ્ગજ નેતાઓ વશરામ સાગઠિયા અને ઈન્દ્રનિલ રાજ્યગુરૂએ વિધાનસભાની ચૂંટણી વખતે પક્ષપલટો કરીને આમ આદમી પાર્ટીમાં જોડાઈ ગયાં અને ત્યારબાદ ઈન્દ્રનીલ કોંગ્રેસમાં પરત આવી ગયા હતાં. પરંતુ શક્તિસિંહ ગોહિલે જ્યારે શક્તિપ્રદર્શન કર્યું ત્યારે વશરામ સાગઠિયા તેમની રેલીમાં જોડાયા હોવાનો વીડિયો વાયરલ થતાં આમ આદમી પાર્ટીએ તેમને પક્ષમાંથી બરતરફ કર્યા હતાં. હવે તેઓ કોંગ્રેસમાં પરત ફરે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની કમાન પ્રભારી તરીકે રાજસ્થાનના આરોગ્ય મંત્રી રહેલા ડો. રઘુ શર્માના હાથમાં હતી અને રાજસ્થાનના સીએમ અશોક ગેહલોત કોંગ્રેસના ઓબ્ઝર્વર હતાં. આ દરમિયાન કોંગ્રેસના અનેક દિગ્ગજ નેતાઓ અને પૂર્વ ધારાસભ્યો પાર્ટી છોડીને ભાજપમાં જોડાઈ ગયાં હતાં. આ સમયે પાર્ટીના નેતાઓમાં રઘુ શર્માને લઈને નારાજગી હતી. ચૂંટણી બાદ કોંગ્રેસ હાઈકમાન્ડ હવે એક્શનમાં છે અને ગુજરાત કોંગ્રેસમાં ધરમૂળથી ફેરફાર કરવાના મૂડમાં છે. પ્રમુખ બદલાયા તો હવે પ્રભારી પણ બદલાશે.આગામી ટુંક સમયમાં કોંગ્રેસ નવા પ્રભારીની સત્તાવાર જાહેરાત કરે તેવી શક્યતાઓ છે.

### રાજ્યમાં નાલેશીભર્યા પરાજય બાદ કોંગ્રેસે પ્રમુખ બદલ્યા

# સૌરાષ્ટ્રના આપના નેતા વશરામ સાગઠિયાની ઘરવાપસી થઈ

### કોંગ્રેસમાંથી એએપીમાં જોડાયા બાદ વશરામ સાગઠિયા કોંગ્રેસના નવા પ્રમુખની પદયાત્રામાં હાજર રહેતા રાજકારણ ગરમાયુ હતું

અમદાવાદ, તા.૨૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં નાલોશીભર્યા પરાજય બાદ પ્રદેશ પ્રમુખ બદલવામાં આવ્યા અને જગદીશ ઠાકોરની જગ્યાએ શક્તિસિંહ ગોહિલને જવાબદારી સોંપવામાં આવી છે. પ્રમુખ બાદ હવે કોંગ્રેસના પ્રભારી પણ બદલાય તેવી શક્યતાઓ છે. પ્રભારી તરીકે બી.કે હરિપ્રસાદ, મોહન પ્રકાશ અને નીતિન રાઉતનું નામ હાલ ચર્ચામાં છે.

બી.કે હરિપ્રસાદ અગાઉ પણ ગુજરાતની જવાબદારી સંભાળી ચૂક્યા છે. કોંગ્રેસ હાઈકમાન્ડ નવા પ્રભારીની પણ ટુંક સમયમાં સત્તાવાર જાહેરાત કરી શકે છે. ત્યારે સૌરાષ્ટ્રના દિગ્ગજ નેતા વશરામ સાગઠિયા જેઓ વિધાનસભાની ચૂંટણી વખતે કોંગ્રેસ છોડીને આમ આદમી પાર્ટીમાં જોડાઈ ગયા હતાં અને હવે તેમણે કોંગ્રેસમાં ઘરવાપસી કરી છે.

ગુજરાત કોંગ્રેસમાંથી આમ આદમી પાર્ટીમા જોડાયા બાદ વશરામ સાગઠિયા કોંગ્રેસના નવા પ્રમુખની પદયાત્રામાં હાજર રહેતા રાજકારણ ગરમાયુ હતું.

ગઈકાલે જ આમ આદમી પાર્ટીએ વશરામ સાગઠિયાને પાર્ટીમાંથી દૂર કરવાની જાહેરાત કરી હતી. જો કે વશરામ સાગઠિયાએ આ વાતનો ખુલાસો કરતા કહ્યુ હતું કે તેણે ૧૮મી જૂને જ આમ આદમી પાર્ટીમાંથી ઉપ્રમુખ પદ અને સભ્ય પદ પરથી રજીનામું આપી દીધુ હતું.

આ રાજીનામાંનો મેસેજનો સ્કીન શૉટ કર્યા ત્યારથી જ વશરામ સાગઠિયાની કોંગ્રેસમાં જોડાવાની ચર્ચાએ જોર પકડયુ્ હતું. આમ આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીને વશરામ સાગઠિયાએ મેસેજ કરી અને પોતાનુ રાજીનામું આપી દીધું હતું.

તેણે મેસેજમાં લખ્યું હતું કે, આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ તરીકે તેમજ પ્રાથમિક સભ્ય તરીકે હું મારુ રાજીનામું આપને મોકલું છું જે સ્વીકારી યોગ્ય કરવા વિનંતી છે. આ સમગ્ર મેસેજ અને કોલનો સ્કીન શૉટ વોટ્સએપ પર શેર કર્યો હતો.

નોંધનીય છે કે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા વશરામ સાગઠિયા કોંગ્રેસથી નારાજ થઈને આમ આદમી પાર્ટીમાં જોડાઈ ગયાં હતાં. રાજકોટ ગ્રામ્ય બેઠક પરથી આપે વશરામ સાગઠિયાને ટીકિટ આપી હતી અને તેઓ ભાજપના ઉમેદવાર સામે હારી ગયા હતાં.

### બ્લૂ ડાર્ટના શેરમાં સાત ટકાનો વધારો

# સેન્સેક્સમાં ૧૯૫, નિફ્ટીમાં ૩૭ પોઈન્ટનો ઊછાળો જોવાયો

### મેટલ ઇન્ડેક્સ એક ટકાના ઘટાડા સાથે બંધ રહ્યો હતો

મુંબઈ, તા.૨૧

સ્થાનિક શેરબજારો આજે તેજી સાથે બંધ થયા છે. બીએસઈસેન્સેક્સ ૧૯૫.૪૫ પોઈન્ટ એટલે કે ૦.૩૧ ટકાના વધારા સાથે બંધ થયો હતો. આજે દિવસના કારોબાર દરમિયાન સેન્સેક્સ એક સમયે ૬૩,૫૮૮.૩૧ પોઈન્ટની સપાટીએ પહોંચી ગયો હતો. આ આ સ્ટોકનો ઓલટાઈમ હાઈ છે.

એ જ રીતે, એનએસઈનિફ્ટી ૩૭.૧૦ પોઈન્ટ અથવા ૦.૨ ટકાના વધારા સાથે ૧૮,૮૫૩.૮૦ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. આજે બ્લુડાર્ટનો શેર સાત ટકાના ઉછાળા સાથે બંધ રહ્યો હતો.

મેટલ ઈન્ડેક્સ એક ટકાના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. એ જ રીતે એફએમસીજી ઈન્ડેક્સ ૦.૪ ટકા અને રિયલ એસ્ટેટ ઈન્ડેક્સ ૦.૩ ટકા ઘટીને બંધ થયા છે. તે જ સમયે, પાવર ઈન્ડેક્સમાં એક ટકા અને ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં ૦.૫-૦.૫ ટકાનો ઉછાળો આવ્યો હતો.

સેન્સેક્સ પર પાવરગ્રીડનો શેર આજે સૌથી મોટા ઉછાળા સાથે બંધ રહ્યો હતો. કંપનીનો શેર ત્રણ ટકાથી વધુના વધારા સાથે બંધ થયો હતો. તેવી જ રીતે એચડીએફસી બેંક, એચડીએફસી અને ટેક મહિન્દ્રાના શેર એક-એક ટકાથી વધુના વધારા સાથે બંધ થયા હતા. આ સિવાય ટીસીએસ, વિપ્રો, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ભારતી એરટેલ અને લાર્સન એન્ડ ટુબ્રોના શેર ઉછાળા સાથે બંધ થયા હતા.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા (મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા)ના શેરમાં સેન્સેક્સ પર સૌથી મોટો તૂટયો હતો. આ સિવાય આઈટીસીનો સ્ટોક એક ટકાથી વધુ વધીને બંધ રહ્યો હતો. આ સિવાય ઈન્ડસઈન્ડ બેક્ર, એક્સિસ બેક્ર, મારુતિ, બજાજ ફાઈનાન્સ, ઈન્ફોસિસ, ટાટા મોટર્સ અને ટાટા સ્ટીલના શેર લાલ નિશાન પર બંધ થયા હતા. જિયોજિત ફાઈનાન્શિયલ સર્વિસિસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે વિક્રમી ઊંચાઈને સ્પર્શવા છતાં, વૈશ્વિક મુદ્દાઓ અને વિલંબિત ચોમાસાની ચિંતાને કારણે સ્થાનિક બજાર મોટો ફાયદો જાળવી શક્યું નથી.

### ભૂપેન્દ્ર પટેલ સરકારમાં મોટા ફેરફાર

# ગુજરાતના TOP 7 IAS અધિકારીઓની ટ્રાન્સફર

### IAS કમલ દયાણી, મનોજ કુમાર દાસ, IAS મોના ખંધાર, અશ્વિની કુમાર, IAS આરતી કંવર અને રાજકુમાર બેનિવાલની બદલી કરવામાં આવી

ગાંધીનગર, તા.૨૧

ગુજરાતમાં હમણાંથી બદલીઓનો દોર શરૂ થયો છે, ત્યારે ફરી એક વાર ગુજરાતના વહીવટી તંત્રમાં ધરખમ ફેરફાર કરાયો છે. મોટા પાયે IAS અધિકારીઓમાં ધરખમ ફેરફારો કરવામાં આવ્યા છે.

જેમાં ફરી એકવાર રાજ્યમાં IAS અધિકારીઓની બદલીના સમાચાર મળી રહ્યા છે. રાજ્યમાં ૭ IAS અધિકારીઓની બદલી કરવામાં આવી છે, જેમાં IAS કમલ દયાણી, મનોજ કુમાર દાસ, IAS મોના ખંધાર, અશ્વિની કુમાર, IAS આરતી કંવર અને રાજકુમાર બેનિવાલની બદલી કરવામાં આવી છે.

નોંધનીય છે કે, થોડા દિવસો પહેલા પાંચ IAS અધિકારીઓની બદલી અને વધારોનો હવાલો સોંપાયો હતો. જેમાં IAS મનિષા ચંદ્રા, IAS કે એમ ભિમજીયાણીની બદલી કરાઈ હતી, જ્યારે એ કે રાકેશ તેમજ પી સ્વરૂપ અને વિજય નહેરાને વધારોનો ચાર્જ સોંપાયો હતો.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારે તાજેતરમાં જ ૧૦૦ આઈએએસ અધિકારીઓની બદલીના આદેશ છૂટ્યા હતા, જેમાં મુકેશ પુરી, એ કે રાકેશ, કમલ દયાની, અરૂણ સોલંકી, મુકેશકુમાર, રમેશચંદ્ર મિના સહિતના અધિકારીઓની બદલી કરાઈ છે.

### બાંહેધરી પત્રક ના આપતા હાલ સમિતિએ ફી જાહેર ના કરી

# ગુજરાતમાં ટેકનિકલ કોર્ષની ફીમાં ૫ ટકાનો વધારો થયો

### ફી નિયમન સમિતિ-ટેક્નિકલના દાયરામાં આવતી ૫૦૦ સંસ્થાઓને બેઝ નોશનલ ફીમાં ૫ ટકા વધારા માટે સંમતિ અપાઈ છે

અમદાવાદ, તા.૨૧

ફી નિયમન સમિતિ-ટેક્નિકલના દાયરામાં આવતી ૫૦૦ સંસ્થાઓને બેઝ નોશનલ ફીમાં ૫ ટકા વધારા માટે સંમતિ અપાઈ છે. જી હા...કુલ ૬૪૦ માંથી ૫૦૦ જેટલી સંસ્થાઓની સમિતિ દ્વારા નિયત કરાયેલી ફીની જાહેરાત કરાઈ છે. ૯ સંસ્થાઓએ વર્ષ ૨૦૨૨ - ૨૩ ની બેઝ નોશનલ ફીમાં ઘટાડો સૂચવ્યો હતો. જ્યારે ૭૬ સંસ્થાઓએ વર્ષ ૨૦૨૨ - ૨૩ ની બેઝ નોશનલ ફીમાં કોઈપણ વધારો સૂચવ્યો નહોતો. ૫ સંસ્થાઓએ વર્ષ ૨૦૨૨-૨૩ની બેઝ નોશનલ ફીમાં ૨ ટકાનો વધારો સૂચવ્યો હતો.

૧૦ સંસ્થાઓએ વર્ષ ૨૦૨૨ - ૨૩ ની બેઝ નોશનલ ફીમાં ૨ થી ૪ ટકાનો વધારો સૂચવ્યો હતો. જ્યારે ૪૦૦ સંસ્થાઓએ વર્ષ ૨૦૨૨ -૨૩ની બેઝ નોશનલ ફીમાં ૪ થી ૫ ટકાનો વધારો સૂચવ્યો હતો. આમ ૬૪૦ સંસ્થાઓમાંથી ૧૧૦ જેટલી સંસ્થાઓએ બેઝ નોશનલ ફીમાં ૫ ટકા કરતા વધારો માગ્યો હતો, જેમની ફી અંગે નિર્ણય ટૂંક સમયમાં લેવાશેઝ જરૂરી દસ્તાવેજ સંસ્થાઓએ રજૂ કરવાના રહેશે.

૧૮ જેટલી સંસ્થાઓએ ફી બ્લોકમાં અભ્યાસક્રમ બંધ કર્યાનું સામે આવ્યું છે. ૧૨ સંસ્થાઓએ વર્ષ ૨૦૨૨ -૨૩ ની બેઝ નોશનલ ફીમાં મહત્તમ ૫ ટકા વધારો માગ્યો હતો, પરંતુ બાંહેધરી પત્રક ના આપતા હાલ સમિતિએ ફી જાહેર ના કરી. સમિતિએ જાહેર કરેલી ૫૦૦ સંસ્થાઓની વર્ષ ૨૦૨૩ -૨૪ થી વર્ષ ૨૦૨૫ -૨૬ સુધીની ફી અંગે તમામ માહિતી વેબસાઈટ પર મુકાઈ છે. આ સાથે જ ફી સિવાય કોઈપણ જાતની ડિપોઝીટ કે અન્ય ફી સંસ્થાઓ વસૂલી શકશે નહીં.

કોરોનાને કારણે વર્ષ ૨૦૨૦-૨૧ થી વર્ષ ૨૦૨૨ -૨૩ દરમિયાન એકપણ સંસ્થાઓને ફી વધારાની મંજૂરી અપાઈ ન હતી, જેના કારણે વર્ષ ૨૦૨૩-૨૪થી વર્ષ ૨૦૨૫ -૨૬ બ્લોકની ફીમાં અગાઉ ના વધારેલા બ્લોકની ૫ ટકા ફી વધારાને નોશનલ વધારા તરીકે ફીમાં ઉમેરવામાં આવ્યો છે ત્યારબાદ નવી ફી નક્કી કરાઈ છે.

### બાગેશ્વર ધામમાંથી વધુ એક ચોંકાવનારી ઘટના

# બાગેશ્વરધામમાં અરજી લગાવવા આવેલા શખ્સનો મૃતદેહ મળ્યો

### એક મહિનામાં ૪ મૃતદેહ મળતા પોલીસ પણ એક્શનમાં

છતરપુર, તા.૨૧

મધ્યપ્રદેશના છતરપુર સ્થિત બાગેશ્વર ધામમાંથી વધુ એક ચોંકાવનારી ખબર સામે આવી છે. બાગેશ્વર ધામમાં અરજી લગાવવા આવેલા એક શખ્સનો મૃતદેહ બાયપાસ રોડ પરથી મળી આવ્યો છે. છેલ્લા એક મહિનામાં બાગેશ્વર ધામમાંથી કુલ ૪ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જે આધેડનો મૃતદેહ મંગળવારે મોડી રાત્રે મળી આવ્યો તે બાગેશ્વર ધામમાં પૂજા અને દર્શન કરવાની સાથે સાથે બાગેશ્વર ધામ સરકારના દરબારમાં અરજી કરવા માટે આવ્યો હતો. એક મહિનામાં ૪ મૃતદેહ મળતા પોલીસ પણ એક્શનમાં છે.

આ સાથે જ આ ઘટનાઓ બાદ બાગેશ્વર ધામમાં આવતા શ્રદ્ધાળુઓની ચિંતામાં વધારો થાય તે પણ સ્વાભાવિક છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે બાગેશ્વર ધામમાં આધેડનો મૃતદેહ મળી આવ્યો હતો જે ત્યાં પૂજા કરવાના હેતુથી આવ્યો હતો. બાગેશ્વર ધામના બાયપાસ રોડ પરથી એક આધેડની લાશ મળી આવી છે. તાત્કાલિક આ માહિતી સ્થાનિક પોલીસને આપવામાં આવી હતી.

મોડી રાત્રે મૃતદેહ મળી આવતા સ્થાનિક પોલીસમાં પણ ખળભળાટ મચી ગયો હતો. ઘટનાસ્થળે પહોંચેલી સ્થાનિક બમિથા પોલીસ સ્ટેશનની પોલીસે મૃતદેહનો કબજો લઈને તપાસ શરૂ કરી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જે વ્યક્તિની લાશ મળી આવી છે તે મૂળ મધ્યપ્રદેશના સાગર જિલ્લાનો છે. ચોંકાવનારી વાત એ છે કે છેલ્લા ૧ મહિનામાં બાગેશ્વર ધામમાંથી ચોથો મૃતદેહ મળી આવ્યો છે.

આ અગાઉ ૧૭ જૂનના રોજ ગડા ગામમાં સ્થિત બાગેશ્વર ધામમાંથી એક યુવકની લાશ મળી આવી હતી. મૃતદેહ પર કોઈ કપડા નહોતા. તે સમયે તેની ઓળખ પણ નહોતી થઈ શકી. આ અગાઉ ૧૧ જૂન ૨૦૨૩ના રોજ પણ બાગેશ્વર ધામમાંથી એક મૃતદેહ મળી આવ્યો હતો. દિલ્હીથી આવેલા એક વ્યક્તિની લાશ બાગેશ્વર ધામ પાસેના ગામમાંથી મળી આવી હતી. બાગેશ્વર ધામમાં સતત મૃતદેહો મળવાના કારણે પોલીસમાં પણ ખળભળાટ મચી ગયો છે. હવે પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે અને એ જાણવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે કે, અંતે સતત લોકોના મૃતદેહ કેમ મળી રહ્યા છે.

### હાઈકોર્ટની ટકોર [redacted]
### રખડતા ઢોરનો [redacted]

# રાજ્યમાં રખ [redacted]
# કારણે ૨ વ્ય [redacted]

### છેલ્લા ૨૪ કલાકમાં બે લોકો રખડતા ઢોરના ત્રાસનો ભોગ બન્યા છે

અમદાવાદ, તા.૨૧

હાઈકોર્ટની ટકોર છતા રાજ્યમાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત છે. હજુ પણ રખડતા ઢોરને કારણે રાજ્યમાં નિર્દોષ લોકો મોતને ભેટી રહ્યા છે. આજે છેલ્લા ૨૪ કલાકમાં બે લોકો રખડતા ઢોરના ત્રાસનો ભોગ બન્યા છે. ભાવનગર જિલ્લામાં રખડતા ઢોરને કારણે વધુ એક યુવાનનું મોત થયું છે. [redacted]

### ૨૩ જૂને પટનામાં વિપક્ષી પાર્ટીઓની બેઠક

# વિપક્ષોની બેઠકમાં કેજરીવાલનો કેન્દ્રના વટહુકમ પર ચર્ચાનો પ્રયાસ

નવી દિલ્હી, તા.૨૧

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ૨૩ જૂને પટનામાં યોજાનારી વિપક્ષી પાર્ટીઓની બેઠકમાં કેન્દ્રના વટહુકમ પર ચર્ચા થાય તે માટે તમામ શક્ય પ્રયાસો કરી રહ્યા છે.

સીએમ કેજરીવાલ સતત અનેક વિપક્ષી પાર્ટીઓને અરજી કરી ચૂક્યા છે કે, ૨૩ જૂનના રોજ દિલ્હીના વટહુકમ પર જરૂર ચર્ચા થાય. તે માટે કેજરીવાલે બુધવારે વિપક્ષી પાર્ટીઓને એક પત્ર પણ લખ્યો છે. આ પત્રમાં કેજરીવાલે આગ્રહ કર્યો કે, ૨૩ જૂન ૨૦૨૩ના રોજ બિહારમાં વિપક્ષી પાર્ટીઓની બેઠકમાં વટહુકમને સંસદમાં હરાવવા મુદ્દે સૌથી પહેલી ચર્ચા થવી જોઈએ.

પ્રયોગ સફળ થયો તો બિન-ભાજપા રાજ્યોમાં થશે લાગુ કેજરીવાલે આગળ લખ્યું કે, દિલ્હીનો વટહુકમ એક પ્રયોગ છે જો આ પ્રયોગ સફળ થયો તો કેન્દ્ર સરકાર બિન-ભાજપા રાજ્યો માટે આવા જ વટહુકમો લાવીને રાજ્ય સરકારનો અધિકાર છીનવી લેશે.

દિલ્હીના સીએમ એ આગળ કહ્યું કે, એ દિવસ દૂર નથી જ્યારે વડા પ્રધાન ૩૩ રાજ્યપાલો અને એલજીના માધ્યમથી તમામ રાજ્ય સરકાર ચલાવશે.

### ચેરમેન અશ્વિન સાવલિયાની ઉપસ્થિતિમાં


# અમરેલીની અમરડેરીનાં પટાંગણમાં આંતરરાષ્ટ્રીય યોગા દિવસની ઉજવણી

## એમ.ડી., જનરલ મેનેજર અને કર્મચારીઓ જોડાયા

અમરેલી, તા. ૨૧

વિશ્વ યોગા દિવસ–૨૦૨૩નાં રોજ અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. અમર ડેરી અમરેલીનાં નવા પ્લાન્ટનાં પટાંગણમાં ઉજવણી કરવામાં આવેલ હતી. આ પ્રસંગે અમર ડેરીનાં એમ.ડી. ડો. આર.એસ. પટેલે જણાવેલ યોગ કરવાથી શરીર તંદુરસ્ત અને મનની શાંતિ સાથે–સાથે જીવન ચર્ચા દરમિયાન સમયનું મહત્વ સમજાવે છે.

આ પ્રસંગે સંઘનાં ચેરમેન અશ્વિન સાવલીયાએ જણાવેલ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમગ્ર વિશ્વમાં યોગનું મહત્વ સમજાવીને આદી–અનાદી કાળથી ઋષિમુનિઓએ આપેલ યોગ અને સાધનાનું મહત્વ જણાવીને તા. ૨૧ જૂનનાં દિવસને વિશ્વ યોગ દિવસ તરીકે સમગ્ર વિશ્વમાં જાહેર કરેલ છે. આ સમયે મને કહેતા ગર્વ થાય છે કે આજે સમગ્ર વિશ્વ આધુનિક યુગ તરફ હરણફાળ ભરેલ છે અને ભયંકર બિમારી કે રોગનો સામનો કરી રહી છે. ત્યારે વિશ્વને બિમારીથી બચવા યોગ અને આયુર્વેદિક ઉપચારમાં દેશ દુનિયામાં સૌથી આગળ છે. વધુમાં આ દિવસ શરીરને નવી તાજગીનો અનુભવ કરાવે તેમ જણાવેલ હતું.



આ પ્રસંગે ખાસ યોગા ટ્રેનર હરીશ્રી વ્યાસ, યોગા સાથે જુમ્બા કરેલ હતા. વધુમાં સંઘના બોર્ડ ઓફ ડીરેકટર ચંદુભાઈ રામાણી, ભાવનાબેન ગોંડલીયા, ભાવનાબેન સતાસીયા, ડી.આર. રામાણી અને સંઘનો તમામ વિભાગીય કર્મચારી હાજર રહી યોગ કરેલ હતા. તેમ અમર ડેરીની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે.

### સાફલ્ય ગાથા

# બાબરાનાં કુંવરગઢનાં ખેડૂતને નિરામય જીવન માટે ''યોગ''નો સહારો



– આલેખન અને મુલાકાત : જય મિશ્રા

યોગ સ્વાસ્થ્ય માટે ઋષિ મુનિઓએ આપેલી પ્રાચીન વિરાસત છે. યોગ સદીઓથી ભારતીય પરંપરાનું અભિન્ન અંગ છે. આ વિરાસતને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આંતરાષ્ટ્રીય સ્તરે ઓળખાણ અપાવી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તંદુરસ્ત ગુજરાતના સંકલ્પ સાથે શરૂ કરેલા ખેલમહાકુંભ અને આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી જેવાં પ્રેરક કાર્યક્રમો દ્વારા લોકોના જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. જેનું પ્રેરક ઉદાહરણ અમરેલી જિલ્લાના બાબરાના કુંવરગઢના વરિષ્ઠ ખેડૂત પરષોત્તમભાઈ ભાયાણી છે. તેઓ નિરામય જીવન માટે નિયમિત રીતે યોગ કરે છે. ૭૫ વર્ષના આ ‘યુવાન’ યોગ સાધકની સ્ફૂર્તિ અને ઉત્સાહે જિલ્લા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા આંતરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમમાં સૌનું ધ્યાન ખેંચ્યુ હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ખેલમહાકુંભમાં પણ ભાગ લઈ ચૂકેલા ભાયાણીએ જણાવ્યુ કે, હું વર્ષ ૧૯૬૪–૬૫માં શાળામાં અભ્યાસ કરતો ત્યારે અમને શ્રી ભૂમાનંદ બાપૂ દ્વારા યોગ શીખવાડવામાં આવતા હતા. એ ઉંમર એવી હતી કે ત્યારે યોગના મહત્વ વિશે કોઈ માહિતી કે જાણકારી નહોતી. જો કે, નાનપણથી જ રમતગમતમાં મને ખૂબ રસ હોવાથી હું ઉત્સાહભેર વિવિધ સ્પર્ધાઓમાં જોડાતા. જે તે સમયે હું કબડ્ડી ચેમ્પિયન પણ રહી ચૂકયો છું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી મેં ફરી યોગ કરવાની શરૂઆત કરી. આજે અમારો સમગ્ર પરિવાર નિયમિત યોગ કરે છે. યોગ કરવાના અનેક ફાયદા છે.

ભાયાણી ઉમેર્યુ કે, યોગ સાથે રમતગમતમાં પણ રસ હોવાથી હું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ કરવામાં આવેલા ખેલમહાકુંભમાં પણ ભાગ લઈ ચૂકયો છું. યોગાભ્યાસ કોઈ પણ ઉંમરે કરી શકાય છે, સ્વાસ્થ્ય અને શારિરીક ક્ષમતા મુજબ વિવિધ યોગાસન કરવાથી તેના અત્યંત સારા પરિણામ મળે છે.

કાર્યક્રમની સમાપન વેળાએ ''યોગ ભગાવે રોગ, હર ઘર યોગ''ના નારા લગાવી અને યોગ કરવાનું આહ્વાન કરતા પરષોત્તમભાઈ ભાયાણીએ સૌને નિયમિત યોગ કરવાનું સૂચન કર્યુ હતું.

# ચમારડી ખાતે વિશ્વ યોગ દિને સુંદર રંગોળી બનાવવામાં આવી

ચમારડી, તા. ૨૧

બાબરા તાલુકાનાં ચમારડી ગામે રહેતા અને જાણીતા ચિત્રકાર હરેશ ડાયાભાઈ મકવાણા દ્વારા ''વિશ્વ યોગ દિવસ'' નિમીતે સુંદર રંગોળી બનાવવામાં આવી હતી.

હરેશ મકવાણાએ અગાઉ પણ વિશ્વ રેકોર્ડમાં સ્થાન પણ મેળવેલ છે.



તસ્વીર : રાહુલ પરમાર–ચમારડી

તેમજ લાઠી મુકામે આયોજિત વિશ્વ વંદનીય કથાકાર શ્રી મોરારી બાપુની કથામાં પણ સુંદર રંગોળી બનાવેલ હતી ત્યારે પણ હરેશ મકવાણાને સન્માનિત કરવામાં આવ્યા હતા. ખુબ નાની ઉંમરમાં ચિત્રકાર ક્ષેત્રે બહોળો પ્રતિસાદ મેળવ્યો છે તેમજ ભારતના અલગ અલગ શહેરોમાં તેમજ પોતાની કલાથી લોકોનો પ્રતિસાદ મેળવ્યો છે.

# અમરેલી : સિનિયર સિટીઝન્સ સોસાયટી દ્વારા આરોગ્યલક્ષી માર્ગદર્શન અપાયું

અમરેલી, તા. ૨૧

સિનિયર સિટીઝન સોસાયટી મંડળ છેલ્લા ૧૭ વર્ષથી ચાલતું આ મંડળ વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન કરે છે.

આ માસની બેઠકની શરૂઆત પ્રાર્થનાથી થઈ હતી. પ્રમુખ કાચાએ સૌ વડિલોને આવકાર આપ્યો. અને જૂલાઈ માસમાં આવતો મંડળનો ૧૭મો વાર્ષિકોત્સવ ધામધૂમથી ઉજવવાની માહિતી અપી. ઉષાબેન રાવળે ગીત રજૂ કર્યું. બાદ મે–જૂન માસનાં જન્મદિન–હેપ્પીબર્થ–ડે અને લગ્નદિન બહેનોએ લગ્નગીત ગાઈને વર–કન્યા અમર રહે તેવી શુભેચ્છા આપવામાં આવી. બાદ આજના ભોજન સ્પોન્સર રેખાબેન ધાનાણી અને ઉષાબેન રાવળનું પુષ્પગુચ્છ દ્વારા સન્માન થયું અને ઈલાબેન અશોકભાઈ જોષીએ કરેલ દાન અને કિશોરભાઈ મીશ્રાએ કરેલ નર્મદા પરિક્રમા, તથા ઉષાબેન રાવળનાં પુત્ર સચિન રાવળ ગુજરાત સહકારી ફેડરેશન દ્વારા થયેલ ટેબલ ટેનિસ સ્પર્ધામાં ગુજરાત ફર્સ્ટ આવતા તથા તેમના લગ્નજીવનને ૨૦ વર્ષ પૂર્ણ થતાં



તેમનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું. તેમનો પરિચય કનુભાઈ જોષીએ આપ્યો. તેઓએ શારીરિક સંભાળ અને હાડકાની જાળવણી માટે વડીલોને ઉપયોગી માર્ગદર્શન આપ્યું અને પ્રશ્નોતરી દરમ્યાન દરેક વડીલોનાં સવાલોનું સમાધાન આપ્યું. તરૂલતાબેનનું સંચાલન સરસ હતું. ટોમભાઈએ આભાર વ્યકત કર્યો. રાષ્ટ્રગીત બાદ સમૂહભોજનથી કાર્યક્રમ સંપન્ન થયાનું કનુભાઈએ જોષીએ જણાવ્યું.

# બગસરા મેઘાણી હાઈસ્કૂલ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી

બગસરા, તા. ૨૧

બગસરામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ બગસરા મેઘાણી હાઈસ્કુલ ખાતે આંતરરાષ્ટ્રીય ૨૦૨૩ની યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વહેલી સવારે મામલતદાર જીડ તથા બગસરા નગરપાલિકાના ચીફ ઓફિસર જે. જે. ચૌહાણ, પી.આઈ ગીડા, નગરપાલિકા હેડ કલાર્ક ભરતભાઈ ખીમસુરીયા, મનોજભાઈ મહિડા યોગ દિવસના ઈન્ચાર્જ રમેશભાઈ હિરપરા, નગરપાલિકાના પ્રમુખ ઈન્દુકુમાર ખીમસુરીયા તથા નાયબ મામલતદાર ભીંડીભાઈ, મેઘાણી હાઈસ્કૂલના પ્રિન્સિપાલ સોલંકી, ભાજપના મહામંત્રી અશોકભાઈ પંડયા, હોમગાર્ડ જવાનો, પોલીસ સ્ટાફ,



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

મેઘાણી હાઈસ્કુલનો સ્ટાફ, વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

# સાવરકુંડલા પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટ ખાતે યોગ દિવસની ઉજવણી

સાવરકુંડલા, તા. ૨૧

૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની સાવરકુંડલા પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટમાં ઉજવણી કરવામાં આવી. જેમાં પ્રાણાયામ, યોગાસન તેમજ ધ્યાનની મુદ્રાઓ સાથે સમજણ આપવામાં આવી હતી.

જેમાં પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ ડી.જે. પરમાર તેમજ કોર્ટનાં તમામ કર્મચારીગણ અને બાર એસોસિએશનનાં પ્રમુખ તેમજ પદાધિકારીઓ અને સભ્યો અને સાથે વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટનાં મિત્રો



તેમજ યોગ ગુરૂ હિરેનભાઈ ડાભી(હંસ ટ્રેઈલર)નાં માર્ગદર્શન હેઠળ યોગ આસન અને સમજણપૂર્વક યોગ દિવસની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા તાલુકા કાનૂની સેવા સમિતિ સાવરકુંડલાનાં સહયોગથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

### મંતવ્ય

# દેશનાં યુવાધનને વિદેશમાં જતાં અટકાવવા પ્લેટફોર્મ પુરૂં પાડો

પુરા ભારત દેશમાંથી યુવા વિદ્યાર્થીઓ પોતાનું ગ્રેજયુએશન પુરું કરી પરદેશ જવાની દોટમાં છે. દેશ સાથે આમા પરદેશ જવામાં ગુજરાત મોખરે છે. ખાસ કરીને એન્જીનિયરીંગ ફેકલ્ટી મેડિકલ વિભાગમાં અભ્યાસ પૂર્ણ કરી પરદેશ જવાની દોટમાં છે. યુ.એસ.એ., કેનેડા, યુ.કે., ઓસ્ટેલિયા, જર્મની, જે દેશમાં જઈ ત્યાંની ડિગ્રી મેળવી ત્યાં જ કંપનીમાં જોબ માટે પ્રયત્નો કરે છે. અહીંની ડિગ્રી મેળવવા ઘણી બધી મહેનત ઘણો બધો ખર્ચ કરી પરદેશમાં એડમિશન મેળવવા એજન્ટ થ્રુ ઘણોબધો ખર્ચ કરવો પડે છે. જેમાં વાલીઓ લોન મેળવી મિલકત વેચી આ સાહસ કરતા હોય છે. ડીગ્રી મેળવી કંઈ કરવા અને કમાવા માટેની આ દોટ છે. આપણી સરકાર ઉદ્યોગપતિઓએ જાહેર સંસ્થાઓએ અને સેવાભાવી સંસ્થાઓએ પણ કંઈક વિચારવાની જરૂર છે. આ ભારત દેશનું બુધ્ધિધન તૈયાર કરીને સિધુ જ પરદેશને હવાલે કરીએ છીએ તો ભારત દેશમાં જ રોકાઈ




આપણા દેશની જ સેવા કરી શકાય તેવું પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવે. જેથી આ યુવાધન પરદેશ જવાનો વિચાર ન કરે આપણા જ દેશમાં પોતે પોતાની ક્ષમતા પ્રમાણે કામ અને વેતન મેળવી શકે આપણે ભારત દેશનાં તજજ્ઞો વડિલો સરકારમાં રજૂઆત કરી કંઈક રસ્તો શોધે તે સાથે જણાવવાનું કે જાણવા મળ્યા મુજબ જ ઘણા સ્ટુડન્ટ તો પરદેશ જઈને છેતરાય છે સુવિધા મળતી નથી. તો આવા ઘણા બધા પાસાઓનો વિચાર કરી યોગ્ય નિરાકરણ લાવવાની જરૂર છે.

– વલ્લભભાઈ રામાણી

# બગસરામાં પૂજય આપાગીગા ગાદી મંદિરમાં અષાઢી બીજની ઉજવણી

બગસરા, તા. ૨૧

બગસરા પૂજય આપાગીગા ગાદી મંદિરમાં અષાઢી બીજ નિમિત્તે ગઢઈ સમાજ તરફથી તેમજ પ્રજાપતિ સમાજ તરફથી પૂજય મહંત શ્રી જેરામ બાપુનાં વરદ હસ્તે પૂજન બાદ મંદિર (દેવળ) ઉપર ધજા આરોહણ કરવામાં આવી હતી. ભાવિકોએ બહોળી સંખ્યામાં દર્શનનો તેમજ પ્રસાદનો લાભ લીધો હતો. રાત્રે મહાઆરતીના દર્શનમાં બહોળી સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો. ગાદી મંદિરના અનુયાયીઓ તથા સેવક પરિવાર તેમજ પોલીસ પ્રશાસન ખાતાએ સારી એવી કામગીરી બજાવી હતી. ગાદી મંદિરના કોઠારી શ્રી હરિબાપુ હાજર રહ્યા હતા.



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

# અમરેલીનાં વિદ્યાસભા કેમ્પસમાં યોગદિનની ઉત્સાહભેર ઉજવણી



ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા પ્રાથમિક, મિડલ, ઉ.માધ્યમિક અને અંગ્રેજી માધ્યમ તથા શ્રીમતિ ચંપાબેન વસંતભાઈ ગજેરા માધ્યમિક શાળા ગુજરાતીનાં સંયુકત ઉપક્રમે આજરોજ ૯માં આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી ખૂબ જ ઉત્સાહપૂર્વક કરવામાં આવી. જેમાં સંસ્થાનાં વિદ્યાર્થી ભાઈઓ–બહેનો તથા શાળા સ્ટાફગણ ઉપસ્થિત રહ્યાં હતા. સંસ્થાના વિશાળ પ્રાંગણમાં ૧૨૦૦ જેટલા વિદ્યાર્થી ભાઈઓ–બહેનોએ વિવિધ આસન અને પ્રાણાયામ કરી શારીરિક અને માનસિક સ્વાસ્થય માટે યોગ કર્યા હતા. શરીર અને મનને તંદુરસ્ત બનાવવા માટે વિશ્વમાં યોગ આજે પ્રસિધ્ધ થયો છે. અબાલ–વૃધ્ધ તમામ લોકો આજે યોગ દ્વારા સ્વાસ્થય પ્રાપ્ત કરી રહ્યાં છે. ભારતીય સંસ્કૃતિની આ ધરોહર પુરા વિશ્વમાં છવાઈ ગઈ છે. યોગના આજના કાર્યક્રમને સફળ બનાવવા માટે યોગ ટીચર ડોબરીયા સર, ડાયરેકટર વસંતભાઈ પેથાણી, હોસ્ટેલ સુપરવાઈઝર વિપુલભાઈ સાવલીયા, આચાર્ય તથા સ્ટાફગણે ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

# બાબરામાં ગેબી વિસામે અષાઢી બીજની ધામધૂમથી ઉજવણી





બાબરામાં ગેબી વિસામે અષાઢી બીજની ભવ્ય અને ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. અહીં મંદિરના મહંત પૂજય રાજુબાપુની નિશ્રામાં આયોજિત વિવિધ ધાર્મિક કાર્યક્રમનો લોકોએ લાભ મેળવી ધન્યતા અનુભવી હતી. અહીં રામદેવજીને નેજા તેમજ અખંડ જયોતના ભાવિકોએ દર્શન કરી મહાપ્રસાદનો પણ લાભ લીધો હતો. ભજન, ભોજન અને ભકિતનો અનોખો ત્રિવેણી સંગમ સર્જાયો હતો.

તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

## પાના ૮ ઉપરનું ચાલું ગેરકાયદેસર રીતે ગેસ સીલીન્ડર રખાયા

સાધનો મળી કુલ રૂા. ૩,૫૦,૦૦૦નો મુદામાલ રાખી તથા ગોડાઉન નહી રાખી આજુબાજુવાળાનાં માણસોની જીંદગી જોખમાઈ તે રીતે ગેસના બાટલા રાખી બેદરકારીભર્યુ વર્તન કરતા સીટી પોલીસમાં એએસઆઈ હરેશસિંહ પરમારે ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં એસ.ટી. ડેપોમાં

નિભાવેલ ન હોય. જેથી અધિકારીએ રજીસ્ટર નિભાવવાનું કહેતા કર્મચારી હનીફભાઈએ ઉશ્કેરાઈ જઈ અને અધિકારીને બે બસ વચ્ચે લઈ જઈ ફડાકા મારી તને ઘરે પહોંચવા નહી દઉ તેવી ધમકી આપતા આ અંગે અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## પાના ૮ ઉપરનું ચાલું બટુક સોલંકીની પાસા હેઠળ અટકાયત

અટકાયત કરીને અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ધકેલી દીધેલ છે. ઉપરોકત ઝડપાયેલ આરોપી દામનગર, લાઠી અને ચોટીલા પંથકમાં મિલકત સંબધી ગુન્હાઓ કરેલ હોવાથી તેઓને જેલ હવાલે કરવામાં આવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં ફિલ્મ આદિપુરૂષનાં

હનુમાનજીના પાત્ર દ્વારા બોલાયેલા કેટલાક ડાયલોગ એ હનુમાનજીના સભ્ય અને વિનમ્ર વ્યકિતત્વની તદ્દન વિરૂદ્ધ તેમને પ્રસ્તુત કરે છે. જેથી ભકતોની ધાર્મિક આસ્થાને ઠેસ પહોંચી છે. લોકોની ધાર્મિક ભાવના, આસ્થા અને સનાતન ધર્મ તેમજ દેવી–દેવતાઓની છબી અને મર્યાદાને ધ્યાનમાં રાખ્યા વગર માત્ર વ્યાપારિક હેતુથી નિર્દેશક ઓમ રાઉત અને લેખક મનોજ મુંતાશિર દ્વારા રજૂ કરવામાં આવેલી આ ફિલ્મ આદિપુરૂષને અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ ઈતેશભાઈ મહેતા, મહામંત્રી વિજયભાઈ દેસાઈ તેમજ રશ્મિનભાઈ ત્રિવેદી સહિતના કાર્યકરો દ્વારા સખત શબ્દોમાં વખોડી સરકારને તાત્કાલિક ધોરણે આ ફિલ્મો પર પગલાં લઈ થિયેટર તથા ઓનલાઈન પ્લેટફોર્મ પર તેના સ્ક્રિનિંગ પર પ્રતિબંધની માંગ કરવામાં આવી છે.

## પાના ૮ ઉપરનું ચાલું બાબરા શહેરમાંથી વિદેશી દારૂની

મહિન્દ્રા બોલેરો રજી. નં. જી.જે. ૦૩ ઈઆર ૮૨૦૫, કિ. રૂા. ૨,૦૦,૦૦૦ તથા એક ઓપો કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિ. રૂા. ૫૦૦૦ મળી કુલ કિ. રૂા. ૨, ૪૮,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કરાયેલ છે. અને રાજદીપ ખાચરની અટકાયત કરવા ચક્રો ગતિમાન કરેલ છે. આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલ તથા પો.સબ.ઈ. એમ.બી. ગોહિલ તથા પો.સ.ઈ. એમ.ડી સરવૈયા તથા એલ.સી.બી. ટીમના એ.એસ.આઈ. જાવેદભાઈ ચૌહાણ તથા હેડ કોન્સ મનીષભાઈ જાની, તથા પો.કોન્સ. ભાવીનગીરી ગૌસ્વામી, અશોકભાઈ સોલંકી દ્વારા કરવામાં આવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાં કૌશિક વેકરિયાનાં કાર્યાલય

અમરેલી વિધાનસભાના લોકોના પ્રશ્નોને વિધાનસભાથી માંડીને મંત્રીઓ સુધી પહોંચાડવાનું કામ વેકરિયા અસરકારકતાથી કરી રહ્યા છે.

અમરેલી વિધાનસભાની સમસ્યાઓનો ઉકેલ લાવવા આ કાર્યાલય કામ કરશે. કેન્દ્ર અને રાજય સરકારની ૧૮૦ જેટલી યોજનાઓને લોકો સુધી પહોંચાડવાનું પ્રબળ માધ્યમ પણ ''કર્તવ્યમ'' કાર્યાલય કરશે. આ ઉપરાંત ડિજિટલ માધ્યમથી પણ લોકો સુધી પહોંચવા માટે એપ્લિકેશન બનાવવાની પ્રક્રિયા પણ હાલ શરૂમાં હોવાનું લોકો સાથે આગામી દિવસોમાં સીધો અને જીવંત સંપર્ક કરી શકાશે.

આ કાર્યાલય માત્ર ધારાસભ્યને બેસવાની નહીં, પણ લોકોની સમસ્યાઓ અને પ્રશ્નોનાં નિરાકરણની જગ્યા છે એમ ગુજરાત સરકારના નાયબ મુખ્ય દંડક અને અમરેલીનાં ધારાસભ્ય કૌશિક વેકરિયાની યાદીમાં જણાવવામાં આવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૩૫ | ૧૫૧૫ |
| ૨ | મગફળી | ૧૨૪૫ | ૧૪૦૫ |
| ૩ | ઘઉં | ૪૨૫ | ૪૬૫ |
| ૪ | ચણા | ૮૯૨ | ૯૩૮ |
| ૫ | મગ | ૧૩૦૦ | ૧૩૫૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૮૨ | ૧૪૨૭ |
| ૨ | શિંગ મોટી | ૧૨૧૦ | ૧૪૭૧ |
| ૩ | શિંગદાણા | ૧૫૦૦ | ૨૦૮૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૬૪૦ | ૧૯૦૫ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૮૪૧ |
| ૬ | તલ કાળા | ૨૪૫૬ | ૨૮૭૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૪૦૦ | ૩૧૮૦ |
| ૮ | બાજરો | ૩૪૧ | ૪૧૬ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૧૧૦૯ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૩૬ | ૬૦૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૭ | ૪૮૫ |
| ૧૨ | મગ | ૧૦૦૦ | ૧૪૭૯ |
| ૧૩ | અડદ | ૭૦૦ | ૧૮૩૫ |
| ૧૪ | ચણા | ૭૦૦ | ૯૮૧ |
| ૧૫ | ચણા દેશી | ૮૨૦ | ૯૬૩ |
| ૧૬ | તુવેર | ૧૨૦૦ | ૧૭૨૦ |
| ૧૭ | કપાસ | ૧૦૪૬ | ૧૪૮૬ |
| ૧૮ | એરંડા | ૧૦૫૦ | ૧૧૧૮ |
| ૧૯ | જીરૂ | ૯૨૦૦ | ૯૯૦૦ |
| ૨૦ | રાય | ૮૦૦ | ૧૦૫૫ |
| ૨૧ | ધાણા | ૭૧૦ | ૧૨૦૦ |
| ૨૨ | ધાણી | ૯૦૦ | ૧૩૫૦ |
| ૨૩ | મેથી | ૭૦૦ | ૧૦૧૦ |
| ૨૪ | સોયાબીન | ૯૪૬ | ૯૭૫ |

## પાના ૮ ઉપરનું ચાલું કુંકાવાવ રોડ ઉપર ૨ વ્યકિતઓને

રોડ, ગૌશાળા જવાના રસ્તે, ઈંટોનાં ભઠ્ઠા પાસે બનેલ હોય અને કામે આરોપી જયંતીભાઈ કાનજીભાઈ કોળી રહે. લાલાવદર ગાળો બોલતો હોય જેથી આ કામના સાહેદ સુલતાન તબરેજભાઈ શેખે ગાળો બોલવાની ના પાડતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ સાહેદને જેમ ફાવે તેમ ગાળો દેતા ફરિયાદી નિલેશભાઈ મનસુખભાઈ ગોહિલએ છુટા પાડેલ ત્યારબાદ ફરિયાદી તથા સાહેદ બન્ને જમવા ગયેલ તે દરમ્યાન આરોપીએ ત્યાં આવી સાહેદને ગાળો આપી ત્યાં પડેલ પ્લાસ્ટીકની ખુરશી માથાનાં ભાગે મારી ઈજા પહોંચાડી આરોપીએ સાહેદને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી બાદ ફરિ. નિલેશભાઈ મનસુખભાઈ ગોહિલ તથા સાહેદ સુલતાન તરબેજભાઈ શેખ બન્ને ઓરડીમાં સુતા હતા તે દરમ્યાન ફરિ. તથા સાહેદને જાનથી મારી નાંખવાના ઈરાદે આરોપીએ બહારથી ઓરડીનો દરવાજો બંધ કરી દરવાજો સળગાડી ઓરડીની બારીમાંથી સળગતો કાકડો(મશાલ) ફેંકી ઓરડીમાં આગ લગાડી નુકસાન કરી ફરિ. તથા સાહેદને આખા શરીરે દઝાડી તથા સાહેદને માથાનાં ભાગે ઈજા પહોંચાડી નાસી ગયેલ હોય.

અમરેલી સીટી પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ. ડી.વી. પ્રસાદએ જંયતિભાઈ મોરવાડીયા નામના અંગે યોગ્ય તપાસ કરી આરોપી અંગે જાણકારી મળેલ કે, આરોપી પોતાનું લ્યુના લઈને મોટા આંકડીયાથી માલવણ થઈ કુંકાવાવ તરફ જતો હોય જે આરોપીને પકડવા સારૂ ત્વરીત સર્વેલન્સ ટીમને સુચના આપેલ હોય અને આરોપીને માલવણ ગામથી કુંકાવાવનાં રસ્તે પકડી પાડવામાં આવેલ હોય આરોપીને હસ્તગત કરી અમરેલી સીટી પો.સ્ટે. લાવી ધોરણસર અટક કરેલ હોય અને આગળની તપાસ પોલીસ સબ ઈન્સ. જી.એન. કાઠીયા ચલાવી રહેલ છે.

પકડાયેલ આરોપીની વિગત ૧. જયંતિભાઈ ઉર્ફે જોખમ કાનજીભાઈ મોરવાડિયા રહે. લાલાવદર તા.જિ. અમરેલી. કામગીરી કરનાર અધિકારી/કર્મચારી : અમરેલી સીટી પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સપેકટર ડી.વી. પ્રસાદ તથા એ.એસ.આઈ. હરેશસિંહ પરમાર તથા દિનેશભાઈ સરવૈયા, હેડ કોન્સ. રાજેન્દ્રભાઈ ચૌધરી તથા પો.કોન્સ. જગદીશભાઈ પોપટ, ધવલભાઈ મકવાણા, વનરાજભાઈ માંજરીયા, ચિરાગભાઈ માટીયા દ્વારા કરવામાં આવેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૧ | ૧૪૦૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૫૪૧ |
| ૩ | શીંગદાણા | ૧૮૫૧ | ૨૦૫૧ |
| ૪ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૭૬૧ |
| ૫ | તલ કાળા | ૨૬૦૦ | ૩૦૨૫ |
| ૬ | જીરૂ | – | ૯૮૦૦ |
| ૭ | કપાસ | ૧૧૭૦ | ૧૪૭૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૫૬ |
| ૧૦ | બાજરો | ૩૮૦ | ૪૫૦ |
| ૧૧ | જુવાર | ૬૫૦ | ૧૦૬૫ |
| ૧૨ | મકાઈ | ૪૫૦ | ૬૨૭ |
| ૧૩ | મગ | ૧૫૭૫ | ૧૭૦૧ |
| ૧૪ | ચણા | ૮૦૦ | ૯૬૩ |
| ૧૫ | તુવેર | ૧૬૦૦ | ૧૮૦૧ |
| ૧૬ | એરંડી | ૧૦૦૦ | ૧૧૧૧ |
| ૧૭ | ધાણા | ૧૦૦૦ | ૧૧૪૭ |
| ૧૮ | સોયાબીન | ૮૮૦ | ૯૫૦ |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની

કાર્યક્રમના પ્રારંભે પુષ્પગુચ્છથી મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સૌએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સુરત સ્થિત કાર્યક્રમ અને ઉદ્દબોધનના ડિજિટલ માધ્યમથી સહભાગી બન્યા હતા. મુખ્યમંત્રીએ નિરામય સ્વાસ્થ્ય માટે યોગની વિરાસતના મહવને વર્ણવતા નિયમિત યોગ કરવાનું સૂચન કર્યુ હતુ. મહત્વનું છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સંયુકત રાષ્ટ્ર સંઘના વડા મથક ખાતેથી આંત્તરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમમાં જોડાવાના છે. આ પ્રસંગે તેમનો સંદેશ વીડિયો માધ્યમથી પ્રસારિત કરવામાં આવ્યો હતો. તેમણે પોતાના સંદેશમાં યોગના ફાયદા અને આંત્તરાષ્ટ્રીય સ્તરે ભારતના યોગ વારસાના મહત્વ વિશે માહિતી આપી હતી.

આ પ્રસંગે નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યુ હતુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વિ ફલક પર સંયુકત રાષ્ટ્ર સંઘમાં જઈ યોગ દિવસની ઉજવણી કરવાના છે. ઋષિ મુનિઓએ આપેલા યોગના ફાયદા અને વિરાસતને આંત્તરાષ્ટ્રીય ફલક પર પ્રસ્થાપિત કરવાનું કાર્ય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કર્યુ છે. યોગના ફાયદાને વૈશ્વિક ઓળખ આપવાનું કામ વડાપ્રધાનના નેતૃત્વમાં થઈ રહ્યું છે. સમગ્ર રાજયમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રમત ગમત અને સાંસ્કૃતિ પ્રવૃત્તિ રાજયમંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન તળે સમગ્ર રાજયમાં યોગ દિવસની હર્ષોલ્લાસથી ઉજવણી કરવામાં આવી રહી છે. સમગ્ર રાજયના ભૂલકાઓ, વિદ્યાર્થીઓ અને નાગરિકો આજે યોગાસન પ્રવુત્તિમાં જોડાયા છે. યોગ કરવાથી થતા ફાયદાનું પ્રેરક ઉદાહરણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી છે. તેમણે અમરેલી જિલ્લા વહીવટી તંત્રને સમગ્ર જિલ્લામાં યોગ દિવસના સુચારૂં આયોજન માટે અભિનંદન પણ આ પ્રસંગે પાઠવ્યા હતા.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ રેખાબેન મોવલિયા, સાંસદ નારણભાઈ કાછડિયા, જિલ્લા કલેકટર અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંઘ, જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને અમરેલી નગરના ભાઈઓ, બહેનોએ યોગાભ્યાસ કર્યો હતો.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૪૬૦ |
| ૨ | ધાણા | ૮૦૦ | ૧૦૭૦ |
| ૩ | ચણા | ૮૫૫ | ૯૫૨ |
| ૪ | ઘઉં લોકવન | ૩૯૬ | ૪૪૬ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૪૩ | ૪૪૯ |
| ૬ | શીંગ ફાડા | ૧૫૮૦ | ૧૬૪૨ |
| ૭ | અડદ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૮ | તલ કાળા | ૨૭૦૫ | ૨૭૦૫ |
| ૯ | મેથી | ૯૯૦ | ૧૨૦૦ |
| ૧૦ | રાય | ૯૯૦ | ૯૯૦ |
| ૧૧ | સોયા | ૮૧૫ | ૯૫૧ |
| ૧૨ | મગફળી | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૧૩ | શીંગ દાણા | ૧૮૪૦ | ૧૮૭૫ |
| ૧૪ | તલ સફેદ | ૨૪૨૦ | ૨૭૭૨ |
| ૧૫ | મગ | ૧૫૪૦ | ૧૬૬૦ |
| ૧૬ | બાજરો | ૪૩૬ | ૪૩૬ |
| ૧૭ | ચણા સફેદ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૧૮ | તુવેર | ૧૨૬૦ | ૧૩૫૧ |


## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **અસ્મિતબેન હરેશભાઈ ટાંક** રહે. અમરેલીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી લીલીયા રોડ, ખોડલધામ–૨
રે. સર્વે.નં. ૩૨૩ પૈકી ૧/પૈકી ૨ બીનખેતી પ્લોટ નં. ૧
જેના ચો.મી. ૧૩૯–૨૬
રજી. દસ્તાવેજ નં. ૪૭૦૪ તારીખ : ૨૬/૦૯/૨૦૨૨

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ ડાયાભાઈ મનજીભાઈ કાબરીયા રહે. સુરતનાં કુલમુખત્યાર ધીરૂભાઈ મનજીભાઈ કાબરીયા રહે. અમરેલીવાળા પાસેથી ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનું કુલમુખત્યારનામું તા. ૨૪/૦૧/૨૦૦૭નાં રોજ આપવામાં આવેલ હતું. જે કુલમુખત્યારનામું ઉપરોકત રજીસ્ટર વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૨૧/૦૬/૨૦૨૩
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
**એડવોકેટ**

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **કૌશિકભાઈ ભરતભાઈ દવે** રહે. અમરેલીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી વરસડા રોડ, વૃંદાવન પાર્ક–૩
રે. સર્વે.નં. ૧૧૯ પૈકી બીનખેતી પ્લોટ નં. ૧૦૪/૧
જેના ચો.મી. ૬૦–૦૦
રજી. દસ્તાવેજ નં. ૩૩૩૦ તારીખ : ૦૮/૦૬/૨૦૨૩

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ વિઠ્ઠલદાસ પરશોતમભાઈ સેંજલીયા રહે. સુરતનાં કુલમુખત્યાર હિંમતભાઈ પરશોતમભાઈ સેંજલીયા રહે. અમરેલીવાળા પાસેથી ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજ થી ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનું કુલમુખત્યારનામું તા. ૦૩/૦૯/૨૦૨૨નાં રોજ આપવામાં આવેલ હતું. જે કુલમુખત્યારનામું ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૨૧/૦૬/૨૦૨૩
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
**એડવોકેટ**

## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર એડવોકેટ **કુલદિપ વિ. ભટ્ટ** એ લાગતા વળગતા સર્વે ને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે, **અમારા અસીલ DWARKESH HEALTHCARE HOSPITAL LLP. ના નામથી ચાલતી લીમીટેડ લાયેબીલીટી પાર્ટનરશીપ એકટ ૨૦૦૮ નીચે નોંધાયેલ ભાગીદારી પેઢીના ભાગીદારશ્રીઓએ,**

રાજકોટ જિલ્લાના રાજકોટ શહેરમાં આવેલ રે.સ.નં. ૫૮૮ પૈકી ૧/ પૈકી ૧ ના ટી.પી. સ્કીમ–૧૯ (રાજકોટ) ના મુળ ખંડ–૧૩માં આવેલ અંતીમ ખંડ–૧૩/૧ ના રહેણાંક હેતુ માટેના બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં–૦૧ ની જમીન ચો.મી. આ. ૧૦૬૭.૫૧ ઉપર બાંધવામાં આવેલ ''માં દૂર્ગા કોમ્પ્લેક્ષ''ના નામથી ઓળખાતા કોમર્શીયલ લો–રાઈઝ બિલ્ડીંગના ફર્સ્ટ ફલોર ઉપર આવેલ દુકાન નં–૧૧૫, જેનો કારપેટ એરીયા ૧૪.૬૪ ચો.મી. વાળી દુકાન, જેના સીટી સ.નં. 1881/1/3/0/01/115/34 , સીટીસર્વે વોર્ડ નં–૧૮ વાળી મિલ્કત અમારા અસીલશ્રીએ રજી. દસ્તાવેજ નંબર :– ૧૫૪૫૦/૨૨ તા. ૦૯/૧૧/૨૦૨૨ ના રોજ શ્રી તુષારભાઈ કિશોરભાઈ મકવાણા પાસેથી વેચાણ રાખેલ છે.

આ મિલકતના ઉતરોતર દસ્તાવેજોમાં રજી. વેચાણ દસ્તાવેજ નં–૭૭૮૨ તા. ૦૧/૦૬/૨૦૨૨ ના રોજ નોંધાયેલ છે, આ દસ્તાવેજમાં વેચનાર તરીકે વિમલભાઈ ખોડાભાઈ પરસાણાના કુ.મુ. પાર્થ વિમલભાઈ પરસાણા છે. જે કુલમુખત્યારનામુ સદરહું વેચાણ દસ્તાવેજ સમયે અસ્તીત્વમાં હતુ. આ મિલ્કત સંબંધે અમારા અસીલશ્રીએ અમારી પાસે ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી – અર્ધ સરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામુ આપનાર દ્વારા રદ કરવામાં આવેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૭ (સાત)માં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખું નથી. અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

તા. ૨૨/૦૬/૨૦૨૩
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર એડવોકેટ **કુલદિપ વિ. ભટ્ટ** એ લાગતા વળગતા સર્વે ને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે, **અમારા અસીલ DWARKESH HEALTHCARE HOSPITAL LLP. ના નામથી ચાલતી લીમીટેડ લાયેબીલીટી પાર્ટનરશીપ એકટ ૨૦૦૮ નીચે નોંધાયેલ ભાગીદારી પેઢીના ભાગીદારશ્રીઓએ,**

રાજકોટ જિલ્લાના રાજકોટ શહેરમાં આવેલ રે.સ.નં. ૫૮૮ પૈકી ૧/ પૈકી ૧ ના ટી.પી. સ્કીમ–૧૯ (રાજકોટ) ના મુળ ખંડ–૧૩માં આવેલ અંતીમ ખંડ–૧૩/૧ ના રહેણાંક હેતુ માટેના બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં–૦૧ ની જમીન ચો.મી. આ. ૧૦૬૭.૫૧ ઉપર બાંધવામાં આવેલ ''માં દૂર્ગા કોમ્પ્લેક્ષ''ના નામથી ઓળખાતા કોમર્શીયલ લો–રાઈઝ બિલ્ડીંગના ફર્સ્ટ ફલોર ઉપર આવેલ દુકાન નં–૧૧૫, જેનો કારપેટ એરીયા ૧૪.૬૪ ચો.મી. વાળી દુકાન, જેના સીટી સ.નં. 1881/1/3/0/01/117/34 , સીટીસર્વે વોર્ડ નં–૧૮ વાળી મિલ્કત અમારા અસીલશ્રીએ રજી. દસ્તાવેજ નંબર :– ૧૫૪૪૮/૨૨ તા. ૦૯/૧૧/૨૦૨૨ ના રોજ (૧) દક્ષાબેન નાનાલાલ સોલંકી (૨) ભરતભાઈ નાનાલાલ સોલંકી પાસેથી વેચાણ રાખેલ છે.

આ મિલકતના ઉતરોતર દસ્તાવેજોમાં રજી. વેચાણ દસ્તાવેજ નં–૯૨૮૬ તા. ૦૧/૦૭/૨૦૨૨ ના રોજ નોંધાયેલ છે, આ દસ્તાવેજમાં વેચનાર તરીકે વિમલભાઈ ખોડાભાઈ પરસાણાના કુ.મુ. પાર્થ વિમલભાઈ પરસાણા છે. જે કુલમુખત્યારનામુ સદરહું વેચાણ દસ્તાવેજ સમયે અસ્તીત્વમાં હતુ. આ મિલ્કત સંબંધે અમારા અસીલશ્રીએ અમારી પાસે ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી – અર્ધ સરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામુ આપનાર દ્વારા રદ કરવામાં આવેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૭ (સાત)માં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખું નથી. અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

તા. ૨૨/૦૬/૨૦૨૩
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## જાહેર નોટિસ

આથી હુ નીચે સહી કરનાર : સુરેશ બી. મકવાણા એડવોકેટ રહે. અમરેલીના તે અમારા અસીલ (૧) અસ્મીતાબેન સુમીતભાઈ સાવલીયા, વિ–૧, રહે. અમરેલી, તા.જિ. અમરેલીનાની મળેલ સુચના, માહીતી અનુસાર લાગતા વળગતા સર્વોને આ જાહેર નોટિસ આપી જણાવીએ છીએ કે,

અમારા અસીલો અમરેલી, તા.જિ. અમરેલી મુકામે રહેલ. અમારા અસીલોના નામજોગ રજી.વે.દ.અનુ.નં. ૧૪૫૪ થી તા. ૦૧/૦૪/૨૦૧૯ ના રોજ થયેલ દસ્તાવેજ મુજબની જમીન મીલ્કત માલીકી કબજા ભોગવટાની રૂઈએ આવેલી છે જે મીલ્કત તા.જિ. અમરેલીના અમરેલી સુધરાઈ હદમાં લીલીયા રોડ રસ્તે, ખારાવાડી સામે, રે.સ.નં. ૨૬૮/૧/પૈ.૧, સર્વે નં. ૨૬૮/૧/પૈ.૨, તથા સર્વે નં. ૨૬૮/૧ પૈ.૩, માહે આવેલ રહેણાંક હેતુના પ્લોટો પૈકી પ્લોટ નં. ૮૨, જેના ચો.મી. ૭૧.૨૦ વાળી જમીન મીલ્કત આવેલ છે. જે મીલ્કતનો રજી.વે.દસ્તાવેજ અમારા અસીલોના નામજોગ (૧) બચુભાઈ નાગજીભાઈ સોજીત્રા, વિ–૨,નાએ વેચાણ આપનાર તરીકે કરી આપેલ છે દસ્તાવેજ થયા તારીખથી અમારા અસીલો સદરહુ મીલ્કતના માલીક કબજેદાર છે અને ગામ નમુના નં.–૨ માં પણ માલીકી રૂઈએ તેમના નામજોગ આવેલી છે. સદરહુ અમારા અસીલોના નામજોગ થયેલ વેચાણ દસ્તાવેજમાં વેચાણ આપનારાઓમાં નં.૩ દેવરાજભાઈ નાગજીભાઈ સોજીત્રા પોતે જાતે તથા નં. ૧, ૨, ના કુ.મુ. દરજજે સદરહુ દસ્તાવેજ કરી આપેલ છે. સદરહુ મીલ્કતનો વેચાણ વ્યવહાર કુલમુખત્યાર મારફતે થયેલો હોય અને સદરહુ જમીન મીલ્કત પર હાલ અમારા અસીલોના નામજોગ આઈ.સી.આઈ.સી.આઈ. બેંક અમરેલી શાખામાં હોમલોન ચાલુ છે. જે હોમલોન અમારા અસીલે ટેકઓવર કરી એટલે કે ટ્રાન્સફર કરી બેંક ઓફ ઈન્ડીયા શાખા અમરેલીમાં લઈ જવા માંગે છે. જેથી અમારા અસીલોએ અમારી પાસેથી સદરહુ મીલ્કતનો ટાઈટલ કલીયર રીપોર્ટ મળવા માંગણી કરેલ છે.

આમ ઉપર મુજબ અમારા અસીલોના નામજોગ રહેલી સદરહુ વેચાણ દસ્તાવેજ વાળી મીલ્કતના વ્યવહાર કુલમુખત્યાર મારફત થયેલા હોય તે સમયે કુલમુખત્યારનામા અસ્તીત્વમાં હોય તે રીતે અમારા અસીલોના નામજોગ સદરહુ વેચાણ દસ્તાવેજવાળી મીલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિત કે નાણાકીય સંસ્થા કે સહકારી કે અર્ધસહકારી સંસ્થાનું હીત સમાયેલ હોય કે સદરહુ વેચાણ દસ્તાવેજવાળી મીલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો થયેલ હોય અથવા તો કોઈપણ ઈસમને સદરહુ મીલ્કતમાં કોઈ લાગભાગ કે હકક હિસ્સો આવેલ હોય કે ઉપરોકત વેચાણ દસ્તાવેજ કરી આપનારના નામજોગ રહેલ સદરહુ મીલ્કતના વેચાણ દસ્તાવેજો થયા પહેલા સદર મીલ્કતના કુલમુખત્યાર આપનાર દ્વારા રદ કરવામાં આવેલ હોય તેમજ સદરહુ લોન ટ્રાન્સફર થવા સામે કોઈપણ ઈસમને વાંધા રહેલા હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૩ માં લેખીત આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી.પોસ્ટ એડી.થી જણાવવુ અન્યથા આ અંગે કોઈને હરકત વાધા કે તકરાર નથી અને જો હોય તો તેઓએ સ્વૈચ્છાએ જતા (વેવ) કરેલ છે તેમ માની અમારા તરફેથી અમારા અસીલને ટાઈટલ કલીયર રીપોર્ટ ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યાબાદ આ અંગેની કોઈજ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જે અંગે લાગતા વળગતાઓએ નોંધ લેવી.

તા. ૨૧/૦૬/૨૦૨૩
સ્થળ :–અમરેલી.

**સુરેશ બી. મકવાણા**
**એડવોકેટ–અમરેલી.**
**ઠે. ''ક્રિશ'' બહારપરા, સાવરકુંડલા રોડ–અમરેલી.**

# કોંગી પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની મુલાકાત લેતા પરેશ ધાનાણી

અમરેલી, તા. ૨૧

અખિલ ભારતિય કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની શુભેચ્છા મુલાકાત અમરેલીનાં પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીએ લીધાનું જોઈ શકાય છે.



### કોરોનાકાળ બાદ ઓટોમોબાઈલ ક્ષેત્ર બેઠું થયું !

# રથયાત્રા પર ૫૫૦૦થી પણ વધુ વાહનોનું વેચાણ

## ગયા વર્ષે રથયાત્રાના તહેવાર પર થયેલાં વેચાણની સરખામણીમાં પણ ૪૫ ટકાનો વધારો જોવા મળ્યો હતો

અમદાવાદ, તા.૨૧

શહેરમાં ૨૦ જૂનના રોજ રથયાત્રા નીકળી હતી. એકદમ શાંતિપૂર્વક આ રથયાત્રા સંપન્ન થઈ હતી. ત્યારે રથયાત્રાના દિવસે કેટલાંક લોકો નવું વાહન ખરીદતા હોય છે. રથયાત્રાના દિવસે નવું વાહન ખરીદવું શુભ માનવામાં આવે છે. ત્યારે આ વર્ષે પણ રથયાત્રાના પવિત્ર તહેવાર દરમિયાન ૫૦૦૦થી પણ વધારે નવા વાહનોનું વેચાણ થયું હતું.

રથયાત્રાનું શુભ મુર્હૂત અમદાવાદના અનેક વ્હીકલ્સ ડિલર્સ માટે ખુશીનો સમય લઈને આવ્યો હતો, કારણ કે ગ્રાહકોના ઉત્સાહના કારણે વેચાણમાં મોટો વધારો નોંધાયો હતો. મંગળવારે એટલે કે રથયાત્રાના દિવસે અમદાવાદમાં ઓટોમોબાઈલ શોરુમમાંથી ટુ અને ફોર વ્હીલર્સ સહિત ૫૫૦૦થી પણ વધુ નવા વાહનો ખરીદવામાં આવ્યા હતા. તો મહત્વની વાત તો એ છે કે, ગયા વર્ષે રથયાત્રાના તહેવાર પર થયેલાં વેચાણની સરખામણીમાં પણ ૪૫ ટકાનો વધારો જોવા મળ્યો હતો. આ અંદાજો ધ ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડિલર્સ એસોસિએશન ગુજરાત દ્વારા આપવામાં આવ્યો હતો.

મુર્હૂતના દિવસે વેચાતા વાહનોમાં આશરે ૩૮૦૦ ટુ વ્હીલર્સ અને ૧૮૦૦ ફોર વ્હીલર્સનો સમાવેશ થાય છે. મોટી સંખ્યામાં વાહનો વેચાવા પાછળનું કારણ એ હતું કે, ઓટોમોબાઈલ ડિલર્સ દ્વારા બંપર ઓફર આપવામાં આવી હતી. આ વર્ષે ટુ વ્હીલર્સનું વેચાણ વધ્યું હતું. કોવિડ દરમિયાન ટુ વ્હીલર્સનું વેચાણ ઓછું થયું હતું. બીજી તરફ, સ્કૂલો અને કૉલેજો પણ શરુ થઈ છે. સાથે જ વાહનો ખરીદવા પર સારી ઓફર મળી રહી હતી. જેના કારણે વેચાણાં વધારો થયો છે. ગયા વર્ષની સરખામણીમાં ટુ વ્હીલર્સના વેચાણમાં ૬૦ ટકાનો વધારો જોવા મળ્યો હતો, એવું FADA ગુજરાતના પૂર્વ અધ્યક્ષ પ્રણવ શાહે જણાવ્યું હતું. બીજી તરફ, નવી કારોની માંગમાં પણ વધારો જોવા મળ્યો હતો. છેલ્લાં બે વર્ષમાં કારની માંગમાં વધારો થવાને કારણે બજારમાં પૂરતા પ્રમાણમાં વેચાણ જોવા મળ્યું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ, રથયાત્રાના દિવસે નોંધાયેલા વાહનોના વેચાણની વાત કરવામાં આવે તો માત્ર અમદાવાદમાંથી જ ૫૦ ટકા વેચાણ થયું હતું.

### એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય, વસુધૈવ કુટુમ્બકમનાં સંકલ્પ હેઠળ

# અમરેલી જિલ્લાની તમામ ૯ પાલિકા અને ૧૧ તાલુકાઓમાં યોગદિનની ઉજવણી

## શાળાના ભૂલકાઓથી લઇને અધિકારીઓ, પદાધિકારીઓ જોડાયા

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લામાં યોગને ઘર ઘર સુધી લઈ જવાના ઉત્તમ વિચાર સાથે "એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય, વસુધૈવ કુટુમ્બકમ"ના સંકલ્પ હેઠળ સમગ્ર જિલ્લામાં ઉત્સાહભેર આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થઈ હતી.

આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોમાં જિલ્લા કક્ષા ઉપરાંત ૦૯ શહેરમાં નગરપાલિકા કક્ષાએ અને ૧૧ સ્થળોએ તાલુકા કક્ષાએ સંપન્ન થયો હતો.

આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનો અનેરો ઉત્સાહ વિદ્યાર્થીઓ વિશેષરૂપે જોવા મળ્યો હતો. અમરેલી જિલ્લામાં મોટી સંખ્યામાં શાળાના ભૂલકાઓથી લઈ વરિષ્ઠ નાગરિકો, પદાધિકારી, સરકારના વિવિધ વિભાગ અધિકારી, કર્મચારીઓએ યોગાભ્યાસ કર્યો હતો.

### વિદેશમાં ખાલિસ્તાની આતંકીઓની એક પછી એક હત્યા

# યુએસમાં રહેતો આતંકી ગુરૂપતવંત સિંહ પન્નુ ત્રણ દિવસથી ગાયબ

નવી દિલ્હી, તા.૨૧

ખાલિસ્તાની આતંકીઓની એક પછી એક થઈ રહેલી હત્યાઓ વચ્ચે અમેરિકામાં રહેતો ખાલિસ્તાની આતંકવાદી અને સિખ ફોર જસ્ટિસ સંગઠન ચલાવતો ગુરૂપતવંત સિંહ પન્નુ ત્રણ દિવસથી ગાયબ થઈ જતા તરેહ તરેહની અટકલો થઈ રહી છે. તાજેતરમાં જ ખાલિસ્તાની નેતા હરદીપસિંહ નજ્જરની કેનેડામાં થયેલી હત્યા બાદ વિદેશોમાં રહીને ભારત સામે ઝેર ઓકી રહેલા ખાલિસ્તાનીઓમાં ભયનો માહોલ છે.

આ સંજોગોમાં અમેરિકામાં ખાલિસ્તાન માટે જનમત સંગ્રહ કરાવવા માટેનુ અભિયાન ચલાવતો પન્નુ ગાયબ થઈ ગયો છે. પન્નુ અને નિજ્જર એક સાથે કામ કરી રહ્યા હતા. નિજ્જરે ૨૦૧૯માં પન્નુ સાથે હાથ મિલાવી લીધો હતો અને નિજ્જરે પન્નુના કહેવા પર કેનેડામાં ખાલિસ્તાન માટે જનમત સંગ્રહનુ કામ શરૂ કર્યુ હતુ. નિજજરના મોત બાદ પન્નુએ પોતાનો પ્રચાર બંધ કરી દીધો છે. તેણે નિજ્જરના મોતનો વિરોધ કરતુ કોઈ નિવેદન પણ આપ્યુ નથી. બ્રિટનમાં અવતારસિંહ ખાંડાના રહસ્યમય મોત બાદ પણ પન્નુએ મૌન સેવી લીધુ હતુ.

ભારત સરકારે પન્નુને આતંકી જાહેર કરેલો છે. પન્નુએ પીએમ મોદીને ગત એપ્રિલમાં મારી નાંખવાની ધમકી આપી હતી. જોકે હવે ડરી ગયેલો પન્નુ પોતે જ અન્ડરગ્રાઉન્ડ થઈ ગયો છે.

# સાવરકુંડલા ખાતે ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા યોગ દિનની ઉજવણી



સાવરકુંડલા, તા. ૨૧

ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલા દ્વારા આયોજિત ગ્રાહક જાગૃતિના સંદેશા સાથે આજરોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે શહેરમાં જેસર રોડ પર આવેલ આર.કે. પ્રાથમિક શાળામાં શાળાના બાળકો, કર્મચારીગણ અને ગ્રાહક સુરક્ષા મંડળ ના સભ્યોની ઉપસ્થિતિમાં વિવિધ યોગાસનો કરી આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ખૂબ જ ઉત્સાહપૂર્ણ માહોલમાં કરવામાં આવેલ.

આ તકે ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ રમેશભાઈ હીરાણી, શાળાના મેનેજીંગ ટ્રસ્ટી રાજેશભાઈ આસનાની, પ્રિન્સિપાલ કોમલબેન આસનાની, શહેરના જાણીતા પત્રકાર અને ગ્રાહક સુરક્ષા મંડળના સક્રિય સભ્ય બિપીનભાઈ પાંધી, સિધ્ધાર્થભાઈ મકવાણા, હર્ષદભાઈ જોશી, શ્રધ્ધાબેન જોષી, શાળાના તમામ કર્મચારીગણ અને વિદ્યાર્થીઓએ વિવિધ યોગાસનો કરી આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી.

આમ ''યોગ ભગાવે રોગ''ની ઉકિતને સાર્થક કરી બતાવી હતી. કાર્યક્રમને અંતે રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના પ્રિન્સિપાલ કોમલબેન આસનાનીએ ભારે જહેમત ઉઠાવી હતી.

### યુવા નેતા મનિષ સંઘાણીની ઉપસ્થિતિમાં

# સા.કુંડલા ખાતે સરદાર પટેલ ગૃપ દ્વારા યોગ દિનની ઉજવણી



સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલા ખાતે શ્રી સરદાર પટેલ ગૃપના સ્થાપક પ્રમુખ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ શ્રી સરદાર પટેલ ગૃપ અને સિગ્મા સ્કૂલ ઓફ સાયન્સ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં યોગ ટ્રેનર તરીકે પતંજલીમાંથી રામાનુજ અને તેઓની ટીમ દ્વારા તમામને યોગા કરાવવામાં આવ્યા હતા. જયારે આ અવસરે યુવાનો અને બાળ કોને યુવા નેતા મનીષ સંઘાણી દ્વારા સંબોધન કરતા જણાવ્યું હતું કે યોગને જીવનની દિનચર્યા બનાવવી જોઈએ જેનાથી જીવનમાં ઘણા રોગો દૂર રહે છે. જેથી આજ એક દિવસ જ નહી પરંતુ રોજીંદી ક્રિયામાં યોગને પણ સમય આપવા માટે જણાવવામાં આવ્યું હતું. જયારે આ સામગ્ર કાર્યક્રમને સાફળ બનાવવા માટે શ્રી સરદાર પટેલ ગૃપ અને સિગ્મા સ્કૂલ ઓફ સાયન્સના જયસુખભાઈ સુતરીયા તેમજ તમામ શિક્ષકગણ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

# કુંકાવાવ : ડો. સુબ્રહ્મા ડોબરીયાએ પીએચડીની પદવી પ્રાપ્ત કરી

કુંકાવાવ, તા. ૨૧

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે હિન્દી વિષયમાં "શૈલેષ મટિયાની કે ઉપન્યાસો મેં દલિત ચેતના" જેવા ગંભીર વિષય ઉપર સમય મર્યાદામાં રહીને ડો. સુબ્રહ્મા બી. ડોબરીયાએ શ્રીમતી બી.વી.ધાણક કોલેજ બગસરાના પ્રોફેસર ડો. જે.આર. જાદવના માર્ગદર્શનમાં રહીને પી.એચ.ડી. ની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે અને મોટી કુંકાવવા ગામનું તેમજ ડોબરીયા પરિવારનું ગૌરવ વધારેલ છે.




### પીએમ મોદીએ અમેરિકાથી વીડિયો શેર કરી શુભકામના આપી

# યોગ એક વૈશ્વિક આંદોલન બની ગયું છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

## મોદીએ કહ્યુ કે, યોગ માટે કહેવાય છે કે, કર્મમાં કુશળતા જ યોગ છે, આઝાદીના અમૃતકાળમાં આ મંત્રી ખૂબ જ મહત્વનું છે, જ્યારે આપણે યોગની સિદ્ધિ સુધી પહોંચી જઈએ છીએ

નવી દિલ્હી, તા.૨૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અમેરિકાના રાજકીય પ્રવાસે છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસર પર પીએમ મોદી સંયુક્ત રાષ્ટ્ર હેડક્વાર્ટરમાં યોગ કાર્યક્રમમાં ભાગે લેશે. ત્યાર બાદ બુધવાર સાંજે રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે મુલાકાત કરશે. પ્રધાનમંત્રી મોદી અમેરિકામાં છે. આ ૯ વર્ષમાં તેમનો પ્રથમ રાજકીય પ્રવાસ છે. ભારતના હિસાબથી કેટલાય મામલોમાં આ પ્રવાસ ખૂબ જ મહત્વનો સાબિત થશે. આ દરમ્યાન મહત્વની રક્ષા ડીલ પણ થવાની છે. પીએમ મોદી જેવા ન્યૂયોર્કમાં ઉતર્યા કે લોકોએ મોદી મોદીના નારા લગાવ્યા.



પીએમ બુધવારે યૂએન હેડક્વાર્ટરમાં યોજાનાર યોગ દિવસના ખાસ કાર્યક્રમની આગેવાની કરી. પ્રધાનમંત્રીએ મોદીએ કહ્યુ કે, યોગ માટે કહેવાય છે કે, કર્મમાં કુશળતા જ યોગ છે. આઝાદીના અમૃતકાળમાં આ મંત્રી ખૂબ જ મહત્વનું છે, જ્યારે આપણે યોગની સિદ્ધિ સુધી પહોંચી જઈએ છીએ. યોગ દ્વારા આપણે કર્મયોગ સુધીની યાત્રા મને વિશ્વાસ છે કે, યોગથી આપણે આપણા સ્વાસ્થ્યને શાનદાર બનાવી છીએ. આપણા સામર્થ્ય, આપણો માનસિક વિસ્તાર, આપણી ચેતના શક્તિ આ સંકલ્પ સાથે તમામને યોગ દિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ. પીએમે કહ્યું કે, આપણે નવા વિચારોનું સ્વાગત કર્યું છે. તેમને સંરક્ષણ આપ્યું છે. આપણે વિવિધતાઓની સમૃદ્ધ કર્યા છે. તેમને સેલિબ્રેટ કર્યું છે. એવી દરેક સંભાવના યોગ પ્રબળથી પ્રબળતમ કરે છે. યોગ આપણા અંતદ્રષ્ટિનો વિસ્તાર આપે છે. યોગ આપણને આ ચેતનાથી જોડે છે, જે આપણને એકતાનો અનુભવ કરાવે છે. આપણે યોગ દ્વારા અંતર્વિરોધોને ખતમ કરવાનું છે.

આપણને યોગ દ્વારા વિરોધો અને પ્રતિરોધોને ખતમ કરવાનો છે. આપણે એક ભારત, શ્રેષ્ઠ ભારતની ભાવનાને વિશ્વની સામે ઉદાહરણ રજૂ કરવાનું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસર પર ન્યૂયોર્કથી દેશવાસીઓને સંબોધન કર્યું. તેમણે કહ્યું કે, યોગ એક વિચાર હતો. જેને આજે દુનિયાભરે અપનાવ્યું છે. આજે યોગ ગ્લોબિલ સ્પિરટ બની ગયું છે. યોગે આપણને હંમેશા જોડવાનું કામ કર્યું છે. આપણા આદર્શ હોય, ભારત દર્શન હોય કે દ્રષ્ટિ આપણને હંમેશા, જોડે છે, અપનાવવા અને અંગીકાર કરવાની પરંપરા પોષિત કર્યું છે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રતિક્રિયા

# યોગ માત્ર શારીરિક કસરત નથી, જીવનને તેની સંપૂર્ણતામાં ખીલવવાનું શાસ્ત્ર છે

સુરત, તા.૨૧

૨૧મી તારીખે રાજ્યકક્ષાનો યોગ દિવસ સુરતમાં યોજાઈ રહ્યો છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં ૧.૪૫ લાખ લોકો ભેગા થઈન યોગ કરી રહ્યા છે. આ પ્રસંગે ગૃહમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા છે. આ વર્ષે સમગ્ર વિશ્વ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ માટે 'એક પૃથ્વી એક સ્વાસ્થ્ય'ની થીમ પર ઉજવણી કરવામાં આવી રહી છે. રાજ્ય સરકાર દ્વારા પણ રાજ્યભરમાં યોગદિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતવાસીઓને યોગ દિવસની હાર્દિક શુભકામના આપી છે. તેમમે ટ્વિટ કરીને જણાવ્યુ છે કે, આપ સૌને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની હાર્દિક શુભકામનાઓ. યોગ માત્ર શારીરિક કસરત નથી, એ જીવનને તેની સંપૂર્ણતામાં ખીલવવાનું શાસ્ત્ર છે. દુનિયાના લાખો લોકોએ રોજિંદા જીવનમાં યોગને અપનાવીને તેના અગણિત લાભ અનુભવ્યા છે. આવો.. આપણે સૌ નિયમિત યોગાભ્યાસ થકી જીવનને સાર્થક બનાવવા સંકલ્પબદ્ધ બનીએ. મળતી માહિતી પ્રમાણે, સુરત ખાતે યોજાનારા રાજ્ય કક્ષાના આ કાર્યક્રમમાં રૂ જંકશનથી SVNIT સર્કલ ૪ કિલોમીટર સુધી, રૂ જંકશનથી રત્નભૂમિ પાર્ટી પ્લોટ ૪ કિલોમીટર સુધી, તેવી જ રીતે રૂ જંકશનથી સુરત એરપોર્ટ ગેટ સાડા ચાર કિલોમીટર સુધી મળી પ્રતિ ૧ કિલોમીટરે આશરે ૧૦ હજાર નાગરિકો એટલે કે ૧ લાખ ૪૫ હજાર નાગરિકો કુલ સાડા બાર કિલોમીટર પાથ પર આ યોગાભ્યાસમાં સહભાગી થયા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને સુરત ખાતે યોગ દિવસની ઉજવણી થઈ રહી છે. સાંસદ સી.આર.પાટીલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ ઉપરાંત સવા લાખથી વધુ નાગરિકો એક સાથે, એક જ સ્થળે યોગાભ્યાસમાં જોડાઈ વિશ્વ વિક્રમ સર્જશે. યુવક સેવા અને સાંસ્કૃતિક મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતુ કે, સુરત ખાતે યોજાનારા રાજ્ય કક્ષાના આ કાર્યક્રમમાં રૂ જંકશનથી SVNIT સર્કલ - ૪ કિ.મી સુધી, Y જંકશનથી રત્નભૂમિ પાર્ટી પ્લોટ – ૪ કિ.મી સુધી, તેવી જ રીતે રૂ જંકશનથી સુરત એરપોર્ટ ગેટ – ૪.૫ કિ.મી સુધી મળી પ્રતિ ૧ કિમી આશરે ૧૦,૦૦૦ નાગરિકો એટલે કે ૧,૨૫,૦૦૦ નાગરિકો કુલ ૧૨.૫ કિમી પાથ પર આ યોગાભ્યાસમાં સહભાગી થશે. સુરતના કાર્યક્રમમાં જોડાવવા માટે ૧૮મીના રવિવારે જાહેર કરાયેલી ઓનલાઈન લિંક ઉપર માત્ર એક જ દિવસમાં એક લાખથી વધુ નાગરિકોએ રજિસ્ટ્રેશન કરાવી દીધું હતુ. આપને એ પણ જણાવીએ કે, રાજ્યના ધાર્મિક, પ્રવાસન, ઐતિહાસિક તથા શૈક્ષણિક મહત્વ અને કુદરતી સૌંદર્ય ધરાવતા ૭૫ આઈકોનિક સ્થળો જેવા કે સાબરમતી રિવરફ્રન્ટ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કચ્છનું સફેદ રણ તથા મોઢેરા સૂર્યમંદિર જેવા સ્થળોએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાશે. યોગ દિવસ પર સુરતવાસીઓમાં ભારે ઉત્સાહ અને ઉમંગ દેખાઈ રહ્યા છે.

# હરિપરા પ્રાથમિક શાળાનું ગૌરવ



અમરેલી, તા. ૨૧, રિઝર્વ બેન્ક દ્વારા આયોજીત નાણાકીય સાક્ષરતા પર કિવઝ સ્પર્ધામાં શિક્ષક હિરેનભાઈ વાઘવાણીનાં માર્ગદર્શનથી હરિપરા પ્રાથમિક શાળાનાં બે વિદ્યાર્થીઓ સૂફીયાન એ. પઠાણ અને હેતલ જે. સાપરાએ બીજો નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર ધામ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી



ચલાલા–શ્રી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ, ગાયત્રી સંસ્કાર ધામ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટયથી કરવામાં આવી હતી. જેમાં પૂ. રતિદાદા, સંસ્થાનાં ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ, પી.એસ.આઈ. ગલચર, ભગીરથભાઈ ધાધલ, દેવકુભાઈ વગેરે દ્વારા દિપ પ્રાયટય કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પી.એસ.આઈ. ગલચર, નગરપાલિકા પૂર્વપ્રમુખ પ્રકાશભાઈ કારીયા, પૂર્વ ઉપપ્રમુખ જયરાજભાઈ વાળા, બાલાબાપુ, ભયલુભાઈ, અવિરતભાઈ, પ્રતાપભાઈ, ભગીરથભાઈ ગોહિલ, રાજુભાઈ સાથે, સમગ્ર નગરપાલિકા ટીમ તથા ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનાં આચાર્ય શીતલબેન મહેતા સાથે સમગ્ર સ્ટાફગણ અને હરીબા મહિલા કોલેજની દીકરીઓ–પ્રોફેસરો, ગ્રામજનો સહિતા બધા ઉપસ્થિત રહ્યાં હતા. તેમજ સમગ્ર પોલીસ સ્ટાફ, હોમગાર્ડ સ્ટાફ, નગરપાલિકા સ્ટાફ, વિવિધ શાળાનાં આચાર્ય પણ ઉપસ્થિત રહ્યાં હતાં. જેમાં વિશ્વ યોગ દિવસ–૨૦૨૩ની થીમ 'તંદુરસ્તી માટે યોગા' પ્રધાનમંત્રીનો સંદેશ, જીવનમાં યોગનું મહત્વ અને રોગોથી બચવા માટે ઉપયોગી એવા યોગ પ્રણાલીનાં જુદા–જુદા આસનો કરવામાં આવ્યાં હતા. સૌએ સાથે મળી આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી શાનદાર રીતે કરી. ત્યારબાદ અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાનાં સંચાલક મહેશભાઈ તથા તેમની ટીમે જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## સામાન્યમાં સામાન્ય વ્યકિત પણ તેમની રજૂઆત કરી શકશે

# આનંદો : અમરેલીમાં કૌશિક વેકરિયાનાં કાર્યાલય ''કર્તવ્યમ''નો પ્રારંભ

કાર્યાલય એ માત્ર બેસવાની નહી પરંતુ જનતાની સમસ્યાઓનાં નિરાકરણની જગ્યા બનશે

જિલ્લાનાં સૌથી વધુ લોકપ્રિય ગણાતા યુવા ધારાસભ્યની કામગીરીથી સૌ પ્રભાવિત

અમરેલી-વડિયા મત વિસ્તારનાં ૧૨૬ ગામોની જનતા વિનાસંકોચે તેમના પ્રશ્નોની રજૂઆત કરી શકશે

યુવા નેતાએ તેમની લાડલી દીકરીનાં વરદ્હસ્તે કાર્યાલયનો પ્રારંભ કર્યો










અમરેલી, તા. ૨૧

અમરેલી વિધાનસભા વિસ્તારનાં અમરેલી–કુંકાવાવ–વડિયા શહેર વિસ્તાર સહિત બન્ને તાલુકાનાં મળીને કુલ ૧૨૬ ગામડાના લોકોને સરકારની વિવિધ યોજનાઓ વિશે માર્ગદર્શન, મદદ તેમજ હૂંફ મળે અને ધારાસભ્ય સાથે સીધો સંપર્ક સાધી શકાય તે ઉદેશ્યથી ''કર્તવ્યમ'' કાર્યાલયને તેમની પુત્રીના હાથે પારિવારિક સભ્યોની હાજરીમાં ધારાસભ્યએ ખુલ્લું મુકયું હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો કાર્યમંત્ર સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસના ઉદેશ્યને સાકાર કરવા અને જનતાની સેવા કરવા શરૂ કરાયેલ આ કાર્યાલયને લીધે લોકો પોતાની રજૂઆત સીધી જ અહીં કરી શકશે. જયારે જનતાને કામ પડે ત્યારે નેતાને શોધવા ન જવા પડે તેને જ સાચો જનપ્રતિનિધિ કહેવાય એ વાતને પડઘો એટલે આ કાર્યાલયની શરૂઆત.

અનુસંધાન પાના ૬ ઉપર

---

### પોલીસ અધિક્ષકની સૂચનાથી સીટી પોલીસનો સપાટો

## અમરેલી : કુંકાવાવ રોડ ઉપર ૨ વ્યકિતઓને આગ લગાડી મારી નાખવાની કોશિષ કરનાર આરોપી ઝડપાયો

**ગુન્હો બન્યાને ગણતરીની કલાકોમાં આરોપીની અટકાયત**



અમરેલી, તા. ૨૧

અમરેલી ટાઉનમાં કુંકાવાવરોડ, ઈંટોનાં ભઠ્ઠા પાસે આવેલ ઓરડીમાં આગ લગાડી બે ઈસમોને જાનથી મારી નાખવાની કોશીષ કરી, ગુન્હાને અંજામ આપી નાસી ગયેલ આરોપીને ગણતરીની કલાકોમાં અમરેલી સીટી પોલીસ ટીમે ઝડપી લીધેલ છે. ગુન્હાની વિગત એવા પ્રકારની છે કે, અમરેલી સીટી પો.સ્ટે.એ. પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૦૩૨૩૦૩૯૮/૨૦૨૩ ઈ.પી.કો. ક. ૩૦૭,૪૩૬,૪૨૭, ૩૪૨,૩૨૩, ૫૦૬(૨), ૫૦૪ તથા જી.પી. એકટ ક.૧૩૫ મુજબનો ગુન્હો તા. ૧૮/૬/૨૩નાં રોજ રાત્રીનાં આશરે સાડા આઠેક વાગ્યાથી તા. ૧૯/૬/૨૩નાં રોજ રાત્રીનાં આશરે બે વાગ્યા દરમિયાન અમરેલી કુંકાવાવ

અનુસંધાન પાના ૬ ઉપર

---

### અમરેલીનાં ચિતલ ગામની ઘટના

## પત્નીનાં વિયોગમાં પતિએ ગળાફાંસો ખાઈ લીધો

**મૃતકનાં પત્નીનું બે વર્ષ પહેલા અવસાન થયેલ હતું**

અમરેલી, તા. ૨૧

ભાવનગર ગામે પ્રેસ કવાર્ટરમાં રહેતા મહોબતસિંહ અગરસિંહ રાઠોડ નામનાં ૪૯ વર્ષિય આધેડનાં પત્નીનું બે વર્ષ પહેલા અવસાન થયેલ હોય. તેથી તે એકલવાયું જીવન જીવતા હોય. જેથી પોતે પોતાની મેળે ચિતલ ગામે તા. ૧૯નાં રોજ રાત્રે રૂમમાં લાકડાનાં ઠેલ સાથે દોરી બાંધી ગેસનાં બાટલા ઉપર ચડી જઈ ગળાફાંસો ખાઈ લેતા તેમનું સારવાર દરમિયાન મોત થયાનું અમરેલી રૂરલ પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

## સુપ્રસિદ્ધ ઘેલા સોમનાથને માતા પાર્વતીનો શણગાર



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

જસદણ નજીક આવેલ પવિત્ર તિર્થધામ શ્રી ઘેલાસોમનાથ મહાદેવને માતા પાર્વતીનો અનુપમ અને દિવ્ય શણગાર કરાયો. મંદિરના પૂજારી હસુભાઈ જોષી દ્વારા મહાદેવને દિવ્ય શણગાર કરવામાં આવતા જેના દર્શનનો લાભ ભાવિકોએ મેળવી ધન્યતા અનુભવી હતી.

---

### ઘણા સમયથી ચોટીલા ખાતે રહેતા

## રાજુલાનાં ધુડીયા આગરીયાનાં વતની બટુક સોલંકીની પાસા હેઠળ અટકાયત

**અમદાવાદ મધ્યસ્થ જેલમાં ધકેલી દેવાયા**



અમરેલી, તા. ૨૧

રાજુલાનાં ધુડીયા આગરીયા ગામનાં વતની અને હાલ ચોટીલા ખાતે રહેતા બટુક વેલજીભાઈ સોલંકીની જિલ્લા મેજીસ્ટ્રેટએ પાસા વોરંટ ઈસ્યુ કરતાં એસપીનાં માર્ગદર્શનતળે એલસીબીએ આરોપીની

અનુસંધાન પાના ૬ ઉપર

---

### ગાંધીનાં ગુજરાતમાં વિદેશી દારૂ આવે છે કેવી રીતે તે સમજાતું નથી

## બાબરા શહેરમાંથી વિદેશી દારૂની ૫૭૬ બોટલ સાથે આરોપીની અટકાયત

**એસપીની સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી**



અમરેલી, તા. ૨૧

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ ગઈ કાલ બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન બાતમી રાહે હકીકત મળેલ કે, બાબરામાં રહેતો દિપક દેવજીભાઈ મારૂ એક સફેદ કલરની ગાડીમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો ભરીને બાબરા જી.ઈ.બી. ઓફિસની પાછળ બાલમુકુંદ સોસાયટીમાં પાર્ક કરી ઉભેલ છે. જે હકિકત આધારે રેઈડ દરમિયાન મજકુર ઈસમને ભારતીય બનાવટનાં વિદેશી દારૂની બોટલો, બીયર, મોબાઈલ ફોન તથા બોલેરો વાહન સાથે પકડી પાડી, પકડાયેલ ઈસમ તથા મુદ્દામાલ બાબરા પોલીસ સ્ટેશન સોંપી આપેલ છે.

ભારતીય બનાવટની વિદેશી દારૂની રોયલ કલાસીક વ્હીસ્કીની ૧૮૦ એમ.એલ.ની બોટલો નંગ–૫૭૦ કિ. રૂા. ૪૦,૩૨૦ તથા ગોડફાધર કંપનીનાં ધ લેઝેન્ડ્રી ઓરિજિનલ સ્ટ્રોંગ બીયરનાં ટીન નંગ–૨૪ કિ. રૂા. ૨,૮૮૦ તથા

અનુસંધાન પાના ૬ ઉપર

---

### બહારપરા વિસ્તારની ઘટના

## અમરેલીનાં રહેણાંક મકાનમાં ગેરકાયદેસર રીતે ગેસ સીલીન્ડર રખાયા

અમરેલી, તા. ૨૧

અમરેલીનાં બહારપરામાં ઘાંચીવાડ વિસ્તારમાં રહેતા આસીફભાઈ યુસુફભાઈ બીલખીયા નામનાં ઈસમે પોતાના કબ્જામાં કોઈપણ જાતનાં આધાર પુરાવા વગર રાંધણગેસનાં બાટલા નંગ–૪૦ કિંમત રૂા. ૧,૬૦,૦૦૦ મળી ખાલી બાટલા નંગ–૩૬ કિંમત રૂા. ૧,૦૮,૦૦૦ સહિત અલગ અલગ બાટલા તથા

અનુસંધાન પાના ૬ ઉપર

---

### વર્ક રજીસ્ટર યોગ્ય રીતે નિભાવવાનું કહેતા

## અમરેલીનાં એસ.ટી. ડેપોમાં અધિકારીને કર્મચારીએ લાફાવાળી કરી ધમકી આપી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨૧

જુનાગઢ ગામે રહેતા અને હાલમાં અમરેલી એસ.ટી. ડેપોમાં દોઢેક માસથી આસી. વર્ક સુપ્રિ. તરીકે ફરજ બજાવતા આશિષભાઈ મનસુખલાલ રાજકોટીયા નામનાં એસ.ટી.નાં અધિકારીએ ગત તા. ૧૮/૬નાં રોજ બપોરે અમરેલી એસ.ટી. ડેપોમાં ચેકીંગ કરતાં અમરેલીમાં રહેતા હનિફ બીન કથીરીએ પોતાનું વર્ક રજીસ્ટર

અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)